
॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરુભ્યો નમઃ ॥



સત્યં વદ



ધર્મં ચર

ૐ

# ॥ વેદ રહસ્ય ॥



**પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ**
**શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર**

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ - વેદાન્તાચાર્ય

વર્ષ ૪૬ સંવત ૨૦૮૦ શ્રાવણ, ઓગષ્ટ - ૨૦૨૪ અંક - ૮

# ગુરુપૂર્ણિમા મહોત્સવ - સુઘડ, સુરત




























**સંપર્ક : ગોરધનભાઈ – ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય





સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૪૬ / ઓગષ્ટ – ૨૦૨૪ / અંક–૮


## અનુક્રમણિકા


૦૪ શ્રીમદ્ ભાગવત કથામૃત
કૃષ્ણાબેન એ. બેલડિયા

૦૮ ૨૪ મો નિર્વાણ જયંતિ મહોત્સવ - ચમારડી
ધ્રુવી વિપુલભાઈ સોનાણી

૦૯ શિલવંત સાધુ
નરસિંહભાઈ વઘાસિયા

૧૧ અમરતાનો અનુભવ
કિરણ મહેશભાઈ ભરોડિયા

૧૩ સુમેરુ - ૫૬-૫૭
કાળુભાઈ કોશિયા

૧૪ જનમેજયના ભાઈઓને શાપ અને ગુરુસેવાનો મહિમા - મહાભારત

૧૭ ગુરુ પૂર્ણિમા મહોત્સવ- ચાંદોદ
પોપટભાઈ કુકડીયા

૧૮ ઘરમાં 'લક્ષ્મી' ક્યારે આવે ?
કૃષ્ણાબેન જી. સવાણી

૨૦ તત્વબોધ
લતા એ. મુંગુકિયા

૨૧ અખતરા
નીતીન નટવરભાઈ પટેલ

૨૨ સત્સંગ સમાચાર


॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ૐ

## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.


: માધવ પીઠાધીપતિ :
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

: મુદ્રણ સ્થાન :
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક,
વરાછા, સુરત–૩૯૫ ૦૦૬.

: પ્રકાશક (Publisher) :
સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ

: સંપાદક (Editor) :
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

: મુદ્રક :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ઘનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

**વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૪૫ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.**


**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | - |
| સહાયક | ૩૦૦૦ | - |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |


## પરમ પૂજ્ય બ્રહ્મલીન પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્ય કથિત શ્રીમદ્ ભાગવત મહાપુરાણ

(ગતાંકથી ચાલુ)

**(૭)અવિક્રિય :** એટલે આત્મા અવિકારી છે. જેમાં કોઈ વિકાર થતો નથી. વધે-ઘટે નહીં, કાળો-ધોળો ન થાય, ઊંચો-નીચો ન થાય કોઈ પ્રકારની ક્રિયા એમાં થતી નથી.

**''હું કરું હું કરું એ જ અજ્ઞાનતા,**
**શકટનો ભાર જેમ શ્વાન તાણે.''**

અકર્તાપણું દ્રઢ થાય તો કર્મ બંધન કપાઈ જાય. આત્માએ કર્મ કર્યા નથી, કરતો નથી ને કરશે પણ નહીં. પુણ્ય-પાપથી રહિત આત્મા છે એવું દ્રઢ કરવું.



**(૮) સ્વયં પ્રકાશ :** આત્મા સ્વયં પ્રકાશ છે. એને પારકા પ્રકાશની જરૂર નથી.

**(૯)હેતુ :** એટલે બધા એનાથી જ ચાલે છે.

**''ચિન્હ ચરિત્ર જેને નહીં, સહુનો પ્રેરક સોઈ**
**પ્રીતમ તેને પ્રિછતા, આવાગમન ન હોઈ.''**

એના દ્વારા જ બધું ચાલે છે. એ કોઈનાથી ચાલતો નથી.

**(૧૦)વ્યાપક :** સર્વત્ર છે. સર્વ વ્યાપક છે.

**(૧૧)અસંગી :** કોઈનો સંગ થતો નથી.

**(૧૨)અનાવૃત :** પ્રગટ આત્મા.

આ બાર લક્ષણ દૃઢ કરો તો શરીરમાં એકેય લક્ષણ ન ઘટે, શરીર હું નથી. શરીર અવ્યય નથી, શુદ્ધ નથી, એક નથી એમ આ બધા લક્ષણો દ્વારા દ્રઢ કરવું કે શરીર 'હું' નથી હું અજર-અમર આત્મા છું. અમર પરમાત્મા મારા છે. શરીર મારું નથી કેમકે શરીર મરવાવાળું છે ચેતનના સંબંધી ચેતન હોય. આત્મા ચેતન છે. એટલે એના સંબંધી પરમાત્મા છે. ભગવાન માતા પણ છે ને પિતા પણ છે. ભાઈ પણ છે જે કંઈ છે એ ભગવાન છે અને બીજું કોઈ આપણું થયું નથી ને થવાનું નથી.

**''કોઈ કોઈનું નથી રે કોઈ કોઈનું નથી રે,**
**નાહકના મરે બધા મથી મથી રે... કોઈ કોઈનું નથી રે**
**મૂવાની સંગાથે કોઈ જતુ નથી રે... કોઈ કોઈનું નથી રે.''**

પરમાત્મા મારા છે એવું દ્રઢ કરવું.

**'જન્મ સગા તે વિસાર્યા જગદીશને,**
**એળે ખોયો માનવનો અવતાર જો,**
**સર્વ તજીને ભજીએ પૂરણ બ્રહ્મને'**

શરીર 'હું' નથી ને શરીર 'મારું' નથી. એવું જે શીખે એ મુક્ત થઈ જાય. પ્રહ્લાદે અહીં ઘણી વાતો બતાવી છે કે મનુષ્ય એ રીતે કરે તો કામ, ક્રોધ, લોભ, મોહ જીતી શકે એવું કરવા માટે

**गुरुशुश्रूषया भक्त्या सर्वलब्धार्पणेन च।**
**सङ्गेन साधुभक्तानामीश्वराराधनेन च॥७-७- ३०॥**

કે આવું જ્ઞાન ગુરૂની સેવા કરવાથી મળે છે. ભગવાનની ભક્તિ કરવાથી મળે છે. તન, મન, ધન સમર્પણ કરવાથી મળે છે. સંતોનો સમાગમ કરવાથી મળે છે. ભગવાનનું આરાધન ભક્તિ કરવાથી થાય છે.

**श्रद्धया तत्कथायां च कीर्तनैर्गुण कर्मणाम्।७-७-३१॥**

ખૂબ શ્રદ્ધાથી કથા સાંભળવાથી, ભગવાનનું કીર્તન કરવાથી, ભગવાનની ભક્તિ કરવાથી, ભગવાનના ચરણોમાં પ્રેમ કરવાથી,

**हरिः सर्वेषु भूतेषु भगवानास्त ईश्वरः ।**
**इति भूतानि मनसा कामैस्तैः साधुमानयेत् ॥ ३२ ॥**

ઈશ્વર બધાની અંદર છે એમ માની બધાની સાથે પ્રેમ કરવાથી

**एवं निर्जितषड्वर्गैः क्रियते भक्तिरीश्वरे ।**
**वासुदेवे भगवति यया संलभते रतिम् ॥ ३३ ॥**

આ જ્ઞાન દ્રઢ કરીને જે કામ-ક્રોધ-લોભ-મોહ જે શત્રુઓ છે એના પર વિજય મેળવીને જ ભગવાનની ભક્તિ કરતા રહેશે તે ધીરે ધીરે પરમ ગતિને પ્રાપ્ત થાય છે. એટલે પ્રહ્લાદ અસુર પુત્રોને કહે છે. :

**स्ततो भजध्वं हृदये हृदीश्वरम् ॥ ७-७-३७ ॥**

કે તમારા હૃદયમાં જ ભગવાન છે. તમારે કોઈને દઈ દેવાનું નથી હૃદયમાં ભગવાનને સંભારો કે ભગવાનની ઉપાસના કરવામાં કંઈ તમને તકલીફ નથી. આતો તમારું સ્વયં સ્વરૂપ છે. તમારી અંદર જ ભગવાન ભરેલા છે. એટલે તમામ પ્રકારનો વેર ભાવ છોડી અને ભગવાનની દિવ્ય ભક્તિ કરવા લાગો.

**एतावानेव लोकेऽस्मिन्पुंसः स्वार्थः परः स्मृतः ।**
**एकान्तभक्तिर्गोविन्दे यत् सर्वत्र तदीक्षणम् ॥५५॥**

ભગવાન સર્વમાં છે. સર્વમાં ભગવાન જોવા એ ઉત્તમ ભક્તિ છે.

**"જ્યાં જ્યાં મન જાય મારું, ત્યાં ત્યાં પ્રભુ રૂપ દેખું હું તારું."**

જ્યાં મન જાય ત્યાં ભગવાન છે એવો અભ્યાસ કરવો. ભગવાનના ભજનમાં મગ્ન રહેવું જેટલા પ્રેમથી ભક્તિ કરશો એટલો લાભ વધારે થશે.

**"ભજ મન પ્રભુ પરમ સુખ દાઈ,**
**મેલીને માન બડાઈ...ભજ મન**
**પાપ ને પૈસામાં શું પચી રહ્યો છે,**
**મેલી દે પ્રપંચ પટલાઈ**
**પરમ પ્રેમથી પ્રભુ ને ભજીલે,**
**કર ઊપકાર સદાઈ,...ભજ મન**
**અંત સમયમાં સાથે આવે, એવી કરી લે કમાઈ**
**જગનું બધું જગમાં રહી જાશે,**
**આખર થાશે ફજેતાઈ,..ભજ મન**
**સંત પુરૂષની સેવા કરતા, મનડું નિર્મળ થઈ જાય."**

હંમેશા સંતોની સેવા કરતાં કરતાં મન જ્યારે નિર્મળ બને ત્યારે જીવને બ્રહ્મજ્ઞાન થઈ ને સર્વ પ્રકારે મુક્ત થઈ જાય છે. આવું જ્ઞાન અસુરોને પ્રહ્લાદે આપ્યું. અસુરો ભગવાનની ભક્તિ કરવા લાગ્યા. જ્યારે સંડામર્ક ત્યાં ગયા તો બધા ભક્તિ કરતા હતા. એટલે સંડામર્ક પ્રહ્લાદને, ને બીજા બધાને હિરણ્યકશિપુ પાસે લઈ ગયો અને હિરણ્યકશિપુને કહ્યું,' જો, અમે કંઈ આવું એને ભણાવ્યું નથી. આ જાતે જ આવું બધું શીખે છે.' એટલે હિરણ્યકશિપુ બરાબર ખીજાયો. અને એને મારવા માટે તૈયાર થયો. એણે પ્રહ્લાદને કહ્યું. :

**यस्त्वया मन्दभाग्योक्तो मदन्यो जगदीश्वरः ।**
**क्वासौ यदि स सर्वत्र कस्मात् स्तम्भे न दृश्यते ॥**
७-८-१३॥

હિરણ્યકશિપુએ પૂછ્યું કે, 'તું મારી સિવાય બીજાને ભગવાન માનતો હોય તો તે છે ક્યાં? એને દેખાડ. મારે એની સાથે લડવું છે તું એમ કહેતો હોય કે સર્વત્ર છે; તો આ સ્થંભમાં કેમ દેખાતા નથી ? જો આ સ્થંભમાં હોય તો તું એને બથ ભર.'

**सत्यं विधातुं निजभृत्यभाषितं**
**व्याप्तिं च भूतेष्वखिलेषु चात्मनः ।**
**अदृश्यतात्यद्भुतरूपमुद्वहन्**
**स्तम्भे सभायां न मृगं न मानुषम् ॥ ७-८-१८ ॥**

નારદજી યુધિષ્ઠિરને કહે છે કે, 'ભગવાને પોતાના ભક્તની વાત સાચી પાડવા માટે સર્વ-વ્યાપક છે એમ દ્રઢ કરવા માટે ભગવાન સ્થંભમાંથી પ્રગટ થયા. સિંહ પણ નહીં ને મનુષ્ય પણ નહીં એવુ રૂપ ધારણ કર્યુ. અડધા મનુષ્ય જેવા ને અડધા સિંહ જેવા. ભગવાને સ્થંભમાં પ્રગટ થઈને બતાવી દીધું કે હું બધે જ રહેલો છું.' ભગવાન સર્વ-વ્યાપક છે. ભગવાન

જ્યારે પ્રગટ થયા ત્યારે હિરણ્યકશિપુ એની સાથે યુદ્ધ કરવા લાગ્યો. અનેક પ્રકારથી યુદ્ધ થયું, મારામારી થઈ ભગવાને હિરણ્યકશિપુને પોતાની ગોદમાં બેસાડ્યો. સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. રાતે નહીં ને દીવસે પણ નહીં, અંદર નહી ને બહાર પણ નહીં. ઊંમરા ઉપર રાખ્યો. ન હથીયાર લીધું . પશુ પણ નહીં ને નર પણ નહીં જે જે વચન આપ્યાં હતાં એ બધા પુરા કરીને હિરણ્યકશિપુને ભગવાનના ધામમાં પહોંચાડ્યો ભગવાન બરાબર ખિજાયેલા હતા. બધા દેવોએ ભગવાનને પ્રાર્થના કરી પછી પ્રહ્લાદે પ્રાર્થના કરી. અનેક પ્રકારની પ્રાર્થના કરતા કહ્યું કે ભગવાન આ બધું તમારી જ કૃપાથી થાય છે.

**नैवात्मनः प्रभुरयं निजलाभपूर्णो**
**मानं जनादविदुषः करुणो वृणीते।**
**यद् यज्जनो भगवते विदधीत मानं**
**तच्चात्मने प्रतिमुखस्य यथा मुखश्रीः** ॥७-९-११॥

પ્રહ્લાદ કહે છે. કે, 'આપણે જે કંઈ કરીએ છીએ એ આપણી માટે થાય છે.' ભગવાન કંઈ લઈ જતા નથી. ભગવાન બિંબ છે. જીવ બધા પ્રતિબિંબ છે. કાચમાં મોઢું જોઈએ ત્યારે મોઢું હોય તે બિંબ કહેવાય ને અંદર મોઢું દેખાય એ પ્રતિબિંબ કહેવાય. તો ભગવાન આપણા બધાના બિંબ છે ને આપણે બધા એના પ્રતિબિંબ છીએ. તો શરીરને તમે સીધે સીધું ખવરાવો કે આપો એ શરીર ને રહે, આત્માને ન મળે પણ પરમાત્માને જે આપો એ આત્માને મળી જાય. જેમ બિંબમાં હાર પહેરાવો તો પ્રતિબિંબમાં પણ હાર પહેરાવાય જાય, બિંબને જમાડો તો પ્રતિબિંબ પણ જમાડેલુ થઈ જાય. બિંબને નવડાવીને સારું કરો તો પ્રતિબિંબ પણ સારું થઈ જાય. પણ જો પ્રતિબિંબને હાર ચડાવો તો કાચ આડો આવે. બિંબમાં ન જાય. એમ તમે પણ ભગવાનને નહીં સોંપો ને એમનામ શરીરને ખવરાવશો તો આત્માને નહીં મળે. શરીરને જ મળશે. જે લોકો હોટલમાં ખાય છે એ શરીરને મળે પણ આત્માને મળતું નથી પણ તમે મંદિરમાં જમાડીને ભોજન કરો તો શરીરને પણ મળે ને આત્માને પણ મળે. એટલે જે જે કરો એ ભગવાન માટે કરો એ તમારા આત્માને મળશે, તમારું થશે અને તમે તો આત્મા છો. તમે પરમાત્માને જે કંઈ દેશો એ બધું જ મળશે. એટલા માટે ભગવાનને ધરાવ્યા વગર જે લે એ આત્માને નથી મળતું શરીરને મળે છે. શરીર તો માટીનું છે. માટી ભેગું ભળી જવાનું.

**''ખાખ મેં ખપી જાના બંદા માટી સે મિલ જાના,**
**મત કરો અભિમાન એક દિન પવન સે ઉડી જાના.''**

**यस्मिन्यतो यर्हि येन च यस्य यस्माद्**
**यस्मै यथा यदुत यस्त्वपरः परो वा।**
**भावः करोति विकरोति पृथक्स्वभावः**
**सञ्चोदितस्तदखिलं भवतः स्वरूपम्** ॥७-९-२०॥

પ્રહ્લાદ કહે, 'હે ભગવાન ! જેની અંદર જે રીતે જે કંઈ થઈ રહ્યું છે એ બધું તમારું જ સ્વરૂપ છે. આખું વિશ્વ તમારું સ્વરૂપ છે. તમે સર્વની અંદર રમી રહેલા છો.' ભગવાને પ્રહ્લાદને કહ્યું, 'હે પ્રહ્લાદ ! તારે જે જોતું હોય તે માગ, તારે શું જોઈએ છે ?' તો પ્રહ્લાદ કહેવા લાગ્યો, 'આ ભોગો તો મને ભટકાવે છે. આ ભોગો મારે જોઈતા નથી.'

**जिह्वैकतोऽच्युत विकर्षति मा वितृप्ता**
**शिश्नोऽन्यतस्त्वगुदरं श्रवणं कुतश्चित्।**
**घ्राणोऽन्यतश्चपलदृक् क्व च कर्मशक्ति**
**र्बह्व्यः सपत्न्य इव गेहपतिं लुनन्ति ॥७-९-४०॥**

પ્રહ્લાદ કહે, 'હે ભગવાન ! જીભ એક તરફ લઈ જાય છે, ભજન કરવા દેતી નથી. ખાવા માટે ભાગે છે, સારું ખાવામાં તૈયાર પણ ભજન કરવામાં રહેતી નથી. શિશ્ન ઈન્દ્રિય ભોગો તરફ ભટકાવે છે. ત્વચા સ્પર્શ માટે ભટકાવે છે. ઘ્રાણ એ સુગંધ લેવા માટે દોડાવે છે.'

આ ઈન્દ્રિયો એક પુરૂષને બહુ પત્ની હોય ને

હેરાન થાય તેમ જીત્યા વગરની ઈન્દ્રિયો હોય તે હેરાન કરે. કોઈ પણ વસ્તુ જીતી લીધી હોય તો લાભ કરે ને જો તેને વશ થઈ જવાય તો નુકશાન. એટલે ભોગોને કે સંસારના પદાર્થોને વશ ન થવું. ભગવાનમાં પ્રેમ નહીં હોય તો એને વશ થવું પડે. હંમેશાં બ્રહ્માનંદ સાથે રાખશો તો વશ નહીં થવું પડે. જે લોકો બ્રહ્માનંદ કે નિજાનંદમાં સમજતા નથી એવા લોકો કહે કે, 'મારે બીડી વગર ન ચાલે.' કોઈ કહે, 'મારે તમાકુ વગર ન ચાલે,' કોઈ કહે,' મારે પત્ની વગર ન ચાલે.' કોઈ કહે,'મારે બે નંબરના ચોપડા કર્યા વગર ન ચાલે.' એમ જીવો કોઈને ને કોઈ ને વશ થઈને એમાંને એમાં પડ્યા રહે છે. જ્યારે ઈન્દ્રિયો છે તે જ્યાં ત્યાં ભટકવા વાળી છે.

**यन्मैथुनादि गृहमेधिसुखं हि तुच्छं**
**कण्डूयनेन करयोरिव दुःखदुःखम्।**
**तृप्यन्ति नेह कृपणा बहु दुःख भाजः**
**कण्डूतिवन्मनसिजं विषहेत धीरः ॥७-९-४५॥**

સંસારનું સુખ પણ ખંજવાળ જેવું છે. ખંજવાળો ત્યારે સુખ લાગે પણ પાછળથી દુઃખ થાય એટલે સંસારના ભોગો પણ પાછળ દુઃખ આપે. એટલે સંસારના ભોગો અંતમાં ભગવાનને ભુલાવવા વાળા છે. એટલે પ્રહ્લાદ કહે છે. :

**त्वं वायुरग्निरवनिर्वियदम्बु मात्राः**
**प्राणेन्द्रियाणि हृदयं चिदनुग्रहश्च ।**
**सर्वं त्वमेव सगुणो विगुणश्च भूमन्**
**नान्यत् त्वदस्त्यपि मनोवचसा निरुक्तम्** ॥७-९-४८॥

પ્રહ્લાદ કહે છે, ' ભગવાન ! તમે પૃથ્વી-વાયુ-જળ-તેજ-આકાશ જગતમાં પ્રાણ ઈન્દ્રિય જે કંઈ છે એ બધું તમારું જ સ્વરૂપ છે. તમારાથી જુદુ કંઈ છે જ નહીં, એટલે હે પ્રભુ ! તમે મળ્યા એટલે બધું જ મળ્યું. હવે કંઈ મેળવવાનું બાકી રહેતું નથી.'

**भक्तिं जनः परमहंसगतौ लभेत ॥७-९-५०॥**

પછી ભગવાને કહ્યું કે,' પ્રહ્લાદ ! તારી કામના હોય તે પૂરી કર.'

**भोगेन पुण्यं कुशलेन पापं**
**कलेवरं कालजवेन हित्वा ।**
**कीर्तिं विशुद्धां सुरलोकगीतां**
**विताय मामेष्यसि मुक्तबन्धः ॥ ७-१०-१३ ॥**

નૃસિંહ ભગવાને પ્રહ્લાદને કહ્યું કે,'તું ભોગ ભોગવીને તારા પુણ્ય પૂરા કરી દે. તારા સંસારના કર્મો બધાય કપાઈ જશે. એટલે પાપ તારા ભોગવાઈ જશે. અને કાળ પુરો થાય ત્યારે શરીર છૂટી જશે. એટલે સારા કર્મો કરીને વિશુદ્ધિ તને પ્રાપ્ત થશે. અને છેલ્લે તું મારા સ્વરૂપને પ્રાપ્ત કરીને મુક્ત થઈ જઈશ.'

**य एतत् कीर्तयेन्मह्यं त्वया गीतमिदं नरः ।**
**त्वां च मां च स्मरन्काले कर्मबन्धात् प्रमुच्यते ॥**
७-१०-१४॥

શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે ને નારદજી યુધિષ્ઠિરને કહે છે કે, 'આ જે પ્રહ્લાદનું ચરીત્ર શ્રવણ કરે છે એને તમામ પ્રકારના બંધનો છૂટી જાય છે. ભગવાનની ભક્તિ એની વધી જાય છે એનું પરમ કલ્યાણ થઈ જાય છે.' એટલા માટે પ્રહ્લાદે કહ્યું.

**तस्मात् पिता मे पूयेत दुरन्ताद् दुस्तरादघात् ।**
**पूतस्तेऽपाङ्गसंदृष्टस्तदा कृपणवत्सल** ॥७-१०-१७॥

'હે ભગવાન ! મારા પિતાનું કલ્યાણ થાય એનો ક્રોધ છૂટી જાય એની ગતિ સારી થાય એવી કૃપા કરો.'

**श्री भगवान उवाच**

**त्रिः सप्तभिः पिता पूतः पितृभिः सह तेऽनघ ।**
**यत् साधोऽस्य गृहे जातो भवान्वै कुलपावनः ॥**
७-१०-१८॥

કે 'તારી એકવીસ પેઢી કલ્યાણને ભાગી થઈ ગઈ.' એમ ભગવાન કહે છે કે આવી દિવ્ય ભક્તિ કરવાવાળો, સંકટ પડે છતાં ભક્તિ ન છોડવાવાળો ભક્ત જેને ત્યાં પ્રાપ્ત થાય છે, એની એકવીસ પેઢીનું કલ્યાણ થઈ જાય છે.

**(વધુ આવતા અંકે)** ૨૫૧

# પ.પૂ. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પ્રગટ બ્રહ્મ સ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજ, વેદાન્તાચાર્યશ્રીનો ૨૪ મો નિર્વાણ જયંતિ મહોત્સવ - ચમારડી

ધ્રુવી વિપુલભાઈ સોનાણી (રતનપર)

## ■ પ.પૂ. માધવપીઠાધીશ્વર સ્વામીજી મહારાજશ્રી

પરમ પૂજનીય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનીષ્ઠ સચ્ચિદાનંદ સ્વરૂપ અનંતશ્રી વિભૂષિત દક્ષિણામૂર્તિ પીઠાધીશ્વર આચાર્ય મહામંડલેશ્વરજી મહારાજ એવં ગૌતમેશ્વરથી પધારેલા પરમ પૂજ્ય પરમ આદર્શનીય સ્વામી શ્રી સ્વરૂપાનંદજી સરસ્વતીજી મહારાજ તથા વિશ્વવંદનીય સંતવૃંદ તથા ભાઈઓ અને બહેનો -

પરમાત્માની મહંતી અનુકંપાથી બ્રહ્મલીન સ્વામીજી મહારાજશ્રીને આપણે '૨૪ માં નિર્વાણ જયંતિ' ના નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે એકત્ર થયા છીએ અને શ્રદ્ધાંજલિ મહાપુરુષોના મુખારવિંદથી આપણે આશીર્વાદ મેળવી રહ્યા છીએ. તો એટલો એ તાપ જે બધા મહાપુરૂષો એ કહ્યું કે તાપ કેટલો છે. ૪૨ ડિગ્રી, ૪૩ ડિગ્રી, ૪૪ ડિગ્રી, ૪૫ ડિગ્રી છતાં પણ તમે બધા જ મહાપુરૂષોના મુખારવિંદથી એ શ્રવણ કરવા માટે સવારથી બેઠા છો. તો એ પણ તમારી એક તપસ્યા છે. કેમ કે જ્યાં સુધી જીવનની અંદર તપસ્યા કરવામાં ન આવે ત્યાં સુધી શિતળતા પ્રાપ્ત થઈ શકતી નથી. પરબ્રહ્મ પરમાત્માએ જ્યારે બ્રહ્માજીનું નિર્માણ કર્યું, - પરમાત્માના નાભિ કમળમાંથી અને બ્રહ્માજી પરમાત્માના પોતાના ઈષ્ટ દેવના દર્શન કરવા માટે કમળની ડાંડલીમાંથી ભગવાનના ઉદરમાં ઉતર્યા પણ પરમાત્માના દર્શન ન થયા. બહુજ મહેનત કરી છેવટે આકાશવાણી દ્વારા કહ્યું - તપધિ-તપધિ. ત્યાર પછી બ્રહ્માજીએ દિવ્ય સો વર્ષ સુધી તપસ્યા કરી. જેમ તમે સવારથી તપસ્યા કરી રહ્યા છો. એમ તો તમે કાલે પણ તપસ્યા કરી એમ મહાપુરૂષોએ કહ્યું. આમ તો આ ગામના લોકો પંદર દિવસથી આ તાપમાં તપસ્યા કરી રહ્યા છે. તો તપસ્યા કરવાથી જ પાછળથી શીતળતા પ્રાપ્ત થઈ શકે છે. અને જ્યાં સુધી જીવનની અંદર ત્રિવિધિના તાપ દૂર ન થાય ત્યાં સુધી એ શીતળતા પ્રાપ્ત થઈ શકતી નથી અને એ શીતળતા પ્રાપ્ત કરવા માટે ત્રિવિધિના તાપ જ્યાં સુધી આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી ત્રિવિધિના તાપથી જીવ મુક્ત થઈ શકતો નથી. ત્યારે એ શીતળતા, એ આનંદ પ્રાપ્ત થઈ શકે છે. તો આપણા આમંત્રણને માન આપી દૂર-દૂરથી જે મહાપુરૂષો આટલા તાપમા એ તાપને સહન કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાને માટે, આપણને આશીર્વાદ દેવાને માટે, દર્શન દેવાને માટે પધાર્યા છે. એમના ચરણોની અંદર હું એ ક્ષમા માગું છું. કેમ કે એટલા એ તાપમાં આવવું એ સરળ નથી. દૂર-દૂરથી આવ્યા છે. એમની પાસે આપણે માફી માંગીએ અને તમે પણ જે તપસ્યા કરો છો એ પોતાના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે આપણે એ તપસ્યા કરી રહ્યા છીએ. તો હવે એમ તો મારે કહેવાની જરૂર નથી કેમકે, આવતા વર્ષે પૂજ્ય બ્રહ્મલીન સ્વામીજી મહારાજના ૨૫ વર્ષ પૂરા થાય છે. બ્રહ્મલીન થયા એના. અને ૨૫ વર્ષે તમે કંઈ કહો છો ને - ૫૦ વર્ષે કહો છો ને શું કહો છો. ૨૫ વર્ષે શું કહેવાય - રજત જયંતિ. ૨૫ વર્ષે આપણે સ્વામીજી મહારાજશ્રીની રજત જયંતિ એ પીપળીયા ગામની અંદર સ્વામીજી મહારાજશ્રીની જન્મભૂમિની અંદર પીપળીયા ગામની અંદર ઉજવવામાં આવશે. એટલે ૨૫ મી તો એ પીપળીયાવાળાને આપી. ચમારડી ગામના બધાએ તન-મન-ધનથી સેવા કરી છે. આ ગામ લોકોએ, ગામના ભક્તોએ, ગામના ભાઈઓ, બહેનો, યુવાવર્ગોએ બધાએ તન-મન-ધનથી સેવા કરીને આ ૨૪ મો નિર્વાણ જયંતિ મહોત્સવ આપણે ઉજવ્યો. કહેવાય છે કિર્તનદાજીએ કહ્યું છે -

**તન-મન-ધન જેને સોંપીયા સદ્ગુરુજીને હાથ**
**કહે પ્રીતમ તે પામીયા, બ્રહ્મપદનો સાથ,**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી.**

સદ્ગુરુ મહારાજ સર્વને એ સુખ સંપત્તિવાન બનાવે, શરીરથી નિરોગી બનાવે, ભૌતિક સંપત્તિથી સુખ સંપત્તિવાન બનાવે, મનથી સાત્વિક બનાવે, બુદ્ધિની અંદર આત્મજ્ઞાન દૃઢ કરાવે અને છેવટે જન્મ-મરણના ચક્રથી મુક્ત કરે એવી સદ્ગુરુ મહારાજશ્રીના ચરણોની અંદર આપણે માફી માંગીએ, એ આશીર્વાદ આપે એવી પરમાત્માને પ્રાર્થના. ■ વધુ આવતા અંકે

# શિલવંત સાધુ

નરસિંહભાઈ વાલજીભાઈ વઘાસિયા
(પીપળીયા, હાલ : સુરત)

ભારતની ભૂમિ સાધુ-સંતોની ભૂમિ તરીકે ઓળખાય છે. એટલે જ્યાં જુઓ ત્યાં સાધુ સંતોના દર્શન થાય. સાધુ-સંતો આપણી હિન્દુ સંસ્કૃતિનાં આધાર સ્તંભ છે. સાધુ-સંતો ગામડાઓમાં તથા શહેરોમાં નદી કિનારે, જંગલોમાં, ડુંગરાઓ ઉપર તથા ગુફાઓમાં પોતાના આશ્રમો, મંદિરો તથા મઢીઓ બાંધીને ભજન-કિર્તન અને સત્સંગ કરતા હોય છે. દરેક સાધુ-સંતોને પોત-પોતાનો સેવક સમુદાય પણ એટલો જ જોવા મળે છે. સેવક સમુદાય ભૌતિક પદાર્થો મેળવવાની ઘેલછામાં સાચા સાધુ-સંતની ખાત્રી કર્યા વિના ગાડરીયા પ્રવાહની માફક પોતાનો કિંમતી સમય બગાડ્યા કરે છે. ભગવા કપડા, ગળામાં મોટી-મોટી માળાઓ, કપાળમાં મોટા-મોટા ટીલા-ટપકા કરી નીકળી પડેલા સાધુ-સંતો જોવા મળે છે. જેમના આગળના ઈતિહાસ, ચારિત્ર્ય, જુઓ તો નિમ્નકક્ષાના હોય છે. પરંતુ આંધળી પ્રજાતો આવા નિમ્ન કક્ષાના સાધુ-સંતોની વાતમાં ભોળવાઈને પોતે સમર્પિત થઈ જતા હોય છે. પાખંડી ધૂતારા સંતો હથેળીમાં ચાંદ-બતાવીને બધાને આંજી દેતા હોય છે. વૃદ્ધ માતા-પિતાની સેવા ચાકરી કરવાને બદલે આવા પાખંડીઓની પાછળ જ રાત-દિવસ પડયા પાથર્યા રહેતા હોય છે. પોતાનો ધંધો, વેપાર, ખેતી તથા પરિવારને છોડીને કહેવાતા સાધુ-સંતોની હાજી-હજુરીમાંથી નવરા જ પડતા નથી હોતા. હાલમાં તો કથાકારો તથા ઉપદેશોકોનો રાફડો ફાટયો છે. જયાં જુઓ ત્યાં કથાકારો તથા ઉપદેશકો પોતાનો ધંધો જમાવીને બેસી જતા હોય છે. લોકોના ટોળા પણ એટલા જ ભેગા થતા હોય છે. મારી જાહેર જનતાને એટલી જ વિનંતી છે કે તમે કથા સાંભળવા જાવ કે કથા બેસાડો તેનો મને જરા પણ વિરોધ નથી. હું કોઈ સાચા અને શિલવંત સાધુ-સંતો કે કથાકારોનો વિરોધી નથી. પણ જેના આચાર-વિચાર સારા નથી. જેનું આચરણ નિમ્ન કક્ષાનું છે તેવા સાધુ-સંતો કે કથાકારો પાછળ આંધળી દોટ નહીં મૂકો. ભગવા પહેરવાથી કે ગળામાં માળાઓ ધારણ કરવાથી કે ટીલા-ટપકા કરવાથી કે ખભે કાળી, પીળી, લાલ કામળી રાખવાથી સાધુ-સંત કે કથાકાર થઈ જવાતું હોય તો ભવાયા રાત્રે નાટક ભજવે ત્યારે સાધુ-સંત, ભગવાનનો પહેરવેશ પહેરીને નાટક ભજવતા જ હોય છે. તો તેઓને આપણે સાધુ-સંત કે ભગવાન માનીને કેમ પૂજતા નથી. કારણ કે આપણને ખબર છે કે આતો નાટકના કલાકાર છે અને સાધુ સંતોનો વેશ ધારણ કરેલ છે.

ઘણાં સાધુ-સંતો કે કથાકારો વિદ્વાન પણ હોય, વેદાન્તાચાર્ય કે ભાગવતાચાર્યની પદવીઓ પણ પ્રાપ્ત કરેલી હોય. પરંતુ તેમનું આચરણ નિમ્ન કક્ષાનું જોવા મળતું હોય છે. પડદા પાછળની તેમની લીલાઓ જાણોતો તમને ખબર પડે આવા ધૂતારાઓના પગમાં પડવાની જરૂર નથી. ખરા અર્થમાં કહીએ તો સાચા શિલવંત સાધુ-સંતો કે કથાકારો બહુ ઓછી જગ્યાએ નજરે જોવા મળે છે. સાધુના વેશમાં દુષ્ટ રાવણે મા-ભગવતી સીતાજીનું હરણ કર્યું હતું. તે વાતનો ઈતિહાસ સાક્ષી છે. રાવણ જ્ઞાની હતો, વિદ્વાન પણ હતો, પરંતુ તેના હલકા આચરણને લીધે તે રાક્ષસ કહેવાયો. જ્ઞાની અને વિદ્વાન હોય પરંતુ આચરણ રાવણનું હોય તેવા લંપટોથી દૂર રહેવું. ઘણા સાધુ-સંતોના કંઠ સારા ન હોય, બોલવાની છટા સારી ન હોય પરંતુ તેના આચાર-વિચાર અને આચરણ ૧૦૦% સાચા શિલવંત સાધુ-સંતની સાક્ષી પુરતા હોય છે. આચાર-વિચાર અને આચરણ જોઈને, ખાત્રી કરીને પછી જ તેના પગમાં પડવું, સાચા શિલવંત સાધુ-સંતો આપણી હિન્દુ સંસ્કૃતિના આધાર

સ્તંભ છે. ખોટા-ધૂતારા-લફંગા બની બેઠાલા-સાધુ-સંતો કે કથાકારોની હાજી-હજુરી એ કરવી ખોટી અજ્ઞાનતા છે, મહાપાપ છે. ઘણી જગ્યાએ આશ્રમ, મંદિર કે મઠીઓના પાછલા બારણે ગોરખધંધા ચાલતા હોય છે. સમાચાર પત્રોમાં આવા ગોરખધંધા પ્રકાશિત થતા હોય છે. તો આવા ગોરખધંધા કરતા હોય તેવા લંપટ સાધુ-સંતો કે કથાકારોની વાતમા આવીને ફસાવું નહી. ઉદ્યોગપતિઓ કે વેપારીઓ પાસે સંપત્તિ- ન હોય એટલી તો સંપત્તિ ઓ આવા બની બેઠેલા લંપટ સાધુ-સંતો કે કથાકારો પાસે હોય છે. પોતાના અલગ આશ્રમો કે મંદિરો બનાવી, પીઠાધિશ્વરના લેબલ લગાવીને ગાદીપતિ બનીને ફરતા લપંટોથી ચેતજો. પિત્તળ એ પિત્તળ જે રહે. સો ટચના સોનાને કયારેય કાટ લાગતો નથી. પિત્તળની શરૂઆતની ચમક સારી હોય છે. પણ સમય આવે ખબર પડે કે આ તો પિત્તળ નીકળ્યુ. દેવાયત પંડિતે તેની સમકક્ષ આગમવાણી લખ્યું છે કે કળીયુગમાં પાખંડી પૂજાશે. જે આપણે અત્યારે અનુભવ કરી રહ્યા છીએ. ગંગાસતીએ તેમના એક ભજનમાં કહ્યું છે કે-

**શિલવંત સાધુને વારે વારે નમીએ પાનબાઈ,**
**જેના બદલે નહી વ્રતમાન રે,**
**ચિત્તની વૃત્તિ જેની સદાય નિરમળી,**
**જેને મા'રાજ થયા મે'રબાન રે**
**ભાઈ રે, સંગત્યુ તમે જ્યારે એવાની કરશો ને,**
**ત્યારે ઉતરશો ભવપાર રે**
**ગંગા સતી એમ બોલિયાં ને,**
**જેને વચનુની સાથે વે'વાર રે**

ગંગાસતી શિલવંત સાધુ-સંત કે કથાકારોને વારંવાર નમવાનું કહે છે. જેની ચિત્તની વૃતિ નિર્મળ હોય તેવા શિલવંત સાધુની સંગત કરવાથી ભવસાગર પાર થઈ જવાય છે.

કોઈપણ મંદિર, આશ્રમ કે મઢીનું પગથિયું ચડતા પહેલા સો વાર વિચારીને ચડજો. ખાસ તો તેના આચાર-વિચાર અને આચરણ જોઈને જાજો. આપણી હિન્દુ સંસ્કૃતિ સાધુ-સંતો, ગુરુજન અને વડિલોને આદર આપવાની સંસ્કૃતિ છે. પણ અંધભક્ત બનીને આંધળી દોટ મૂકતા નહી, જ્ઞાની હોય, વિદ્વાન હોય, પરંતુ જીવનમાં આચરણ સારું ન હોય તેનાથી સો ગાઉ દૂર રહેવું. પૂજ્ય ચિદાનંદ સ્વામીજીએ તેના એક કિર્તનમાં કહ્યું છે કે,

**નિરપેક્ષ સદ્ગુરુ વિરલા કોઈ,**
**મૈં દેખ્યા સબ જગમાં જોઈ**
**સમદર્શી સમરસ ચિત્ત જા કે, થાય ઉથાપ ન હોય (૨)**
**અવિનાશી કે ઘરકી બાતાં, જાનેગે નર સોઈ...**
**ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાગર સમ ગંભીરા (૨)**
**સર્વજ્ઞ બ્રહ્મરૂપ હિ પૂરા, સુરગિરિ સમ શુચિ ધીરા...**

જેના વાણી અને વર્તન એક હોય તેવા શિલવંત સાધુ-સંતોને મારા નત-મસ્તક પ્રણામ. સુકા પાછળ લીલુ બળે તેમ દંભી અને પાખંડી બાવાઓની પાછળ સાચા અને શિલવંત સાધુ-સંતો બદનામ થતા હોય છે. શેરડી સાથે ઓરંડા પાણી પીઈને મોટા થતા હોય, પણ એરંડામાં કંઈ લેવાનું ન હોય તેવા નકામા એરંડાને ખોદી કાઢીને ફેંકી દેવા જોઈએ. ■

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ પાલડી, તા. શિહોર, સ્વ. નિકુલભાઈ કાનજીભાઈ ભરોડીયા (ઉ.૩૫) સંવત ૨૦૮૦ જેઠ વદ-૧૪ ને ગુરૂવાર તા. ૦૪-૦૭-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.

શ્રી સદ્ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ ચોગઠ, તા. ઉમરાળા, સ્વ. અમરશીભાઈ ઝવેરભાઈ સુરાણી (ઉ.૯૦) સંવત ૨૦૮૦ અષાઢ સુદ ૯ ને સોમવાર તા.૧૫-૭-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.

શ્રી સદ્ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

ગતાંકથી ચાલુ...

**અરબ ખરબ લૌં દ્રવ્ય હૈ, ઉદય અસ્ત લૌં રાજ ।**
**તુલસી જો નિજ મરન હૈ, તો આવે કિહિ કાજ ॥**

આપણે શરીરમાં પોતાની સ્થિતિ માની લઈએ છીએ, પોતાને શરીર માની લઈએ છીએ તો એ આપણી ભૂલ છે. ખોટી વાતનો આદર કરવો અને સાચી વાતનો અનાદર કરવો એ જ મુક્તિમાં ખાસ વાંધો છે. પોતાને શરીર માનીને જ આપણે કહીએ છીએ કે હું બાળક છું, હું જુવાન છું, હું ઘરડો છું. ખરેખર તો આપણે નથી બાળક થયા, નથી આપણે જુવાન થયા, નથી આપણે ઘરડા થયા, પણ શરીર જ બાળક થયું, શરીર જ જુવાન થયું, શરીર જ ઘરડું થયું. શરીર માંદું પડી ગયું તો હું માંદો પડી ગયો, શરીર નબળું પડી ગયું તો હું નબળો પડી ગયો. ધન પાસે આવી ગયું તો હું ધનવાન થઈ ગયો, ધન જતું રહ્યું તો હું નિર્ધન થઈ ગયો—આ શરીર અને ધનની સાથે એકતા માનવાથી જ થાય છે. જ્યારે ક્રોધ આવે છે, ત્યારે આપણે કહીએ છીએ કે હું ક્રોધી છું! જરા વિચારો, શું ક્રોધ હરઘડી રહે છે? બધાને માટે થાય છે? જે હરઘડી રહેતો નથી, જે બધાને માટે થતો નથી, તે મારામાં કેવી રીતે થવાનો ? કુતરો ઘરમાં આવી ગયો તો શું એ ઘરનો માલિક બની ગયો ? તે જ રીતે ક્રોધ આવી ગયો તો શું હું ક્રોધી બની ગયો? ક્રોધ તો આવે છે અને ચાલ્યો જાય છે, પણ હું નિરંતર રહું છું.

દેશ બદલાય છે, કાળ બદલાય છે, વસ્તુઓ બદલાય છે, વ્યક્તિઓ બદલાય છે, ક્રિયા બદલાય છે, અવસ્થા બદલાય છે, પરિસ્થિતિ બદલાય છે, બનાવ બદલાય છે, પણ આપણે નિરંતર રહીએ છીએ. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ - એ ત્રણેય અવસ્થાઓ બદલાય છે, પણ આપણે તો એક જ રહીએ છીએ, તેથી જ આપણને અવસ્થાઓનું અને તેમના પરિવર્તનનું એટલે કે આરંભ અને અંતનું જ્ઞાન થાય છે. સ્થૂળ દ્રષ્ટિએ વિચાર કરીએ તો જે રીતે આપણે હરિદ્વારથી ઋષિકેશ આવ્યા તો પહેલા આપણે હરિદ્વારથી રાયવાલા આવ્યા, પછી રાયવાલાથી ઋષિકેશ આવ્યા. જો આપણે હરિદ્વારમાં જ રહેવાવાળા હોત તો રાયવાલા અને ઋષિકેશ કેવી રીતે આવત ? રાયવાલામાં રહેવાવાળા હોત તો હરિદ્વાર અને ઋષિકેશ કેવી રીતે આવત ? રાયવાલામાં રહેવાવાળા હોત તો હરિદ્વાર અને ઋષિકેશ કેવી રીતે આવત? ઋષિકેશમાં રહેવાવાળા હોત તો હરિદ્વાર અને રાયવાલા કેવી રીતે આવત? તેથી આપણે નથી હરિદ્વારમાં રહેતા, નથી રાયવાલામાં રહેતા, નથી ઋષિકેશમાં રહેતા. હરિદ્વાર, રાયવાલા અને ઋષિકેશ-ત્રણેય અલગ-અલગ છે, પણ આપણે એક જ છીએ. હરિદ્વારમાં પણ આપણે તે જ રહ્યા, રાયવાલામાં પણ આપણે તે જ રહ્યા અને ઋષિકેશમાં પણ આપણે તે જ રહ્યા. તે જ પ્રમાણે જાગ્રતમાં પણ આપણે તે જ રહ્યા, સ્વપ્નમાં પણ આપણે તે જ રહ્યા અને સુષુપ્તિમાં પણ આપણે તે જ રહ્યા. તેથી બદલાવાવાળાને ના જોઈને રહેવાવાળાને જોવાનો છે. એટલે કે આપણા પોતાનામાં નિર્લેપતાનો અનુભવ કરવાનો છે—

**'રહતા રૂપ સહી કર રાખો બહતા સંગ ન બહીજે.'**

બદલાવાવાળા સાથે આપણો સંબંધ નથી-આ જ અમરતા (મુક્તિ) છે. અમરતા સ્વતઃસિદ્ધ અને સ્વાભાવિક છે, કરવી નથી પડતી. મૃત્યુની સાથે સંબંધ તો આપણે માનેલો છે.

**પ્રશ્ન-અત્યારે સિંહ સામે આવી જાય તો ડર લાગશે જ ને ?**

**ઉત્તર**—ડર એ કારણે લાગશે કે 'હું શરીરથી અલગ છું'—એ વાત સાંભળીને શીખી લીધી છે,

સમજ્યા નથી. શીખેલી અને સમજેલી વાતમાં આ જ ફરક છે. પોપટ બાકીના વખતે તો રાધે-કૃષ્ણ, ગોપી-કૃષ્ણ બોલે છે, પણ જ્યારે બિલાડી પકડે છે, ત્યારે ટેં-ટેં કરે છે. જ્યારે સમય તો હવે રાધે-કૃષ્ણ, ગોપી-કૃષ્ણ કહેવાનો છે! પણ શીખેલું જ્ઞાન વખત પર કામ લાગતું નથી.

સિંહ આવી જાય તો એનાથી બચવાનો પ્રયત્ન કરવામાં કોઈ દોષ નથી, પણ ભયભીત થવું દોષી છે. કારણ કે મરનારો તો મરી જ રહ્યો છે અને જીવનારો જીવી જ રહ્યો છે, તો પછી ભય શાનો ? સિંહ મારશે તો મરવાવાળાને જ મારશે, જીવવાવાળાને કેવી રીતે મારશે ? સિંહ ખાઈ જશે તો એની ભૂખ મટી જશે, આપણામાં શો ફરક પડશે ? મરવાવાળાને ક્યાં સુધી બચાવશો? તે તો મરશે જ. આથી નથી જીવવાની ઈચ્છા કરવાની કે નથી મરવાનો ભય રાખવાનો.

એક માર્મિક વાત છે. સત્સંગ કરતાં પહેલાં જેટલો ભય લાગે છે, તેટલો ભય સત્સંગ કર્યા પછી નથી લાગતો. સત્સંગ કરવાથી વૃત્તિઓમાં ઘણો ફરક પડે છે અને વિકાર આપોઆપ નષ્ટ થાય છે. પણ એવું ત્યારે થશે જ્યારે આપણે સત્સંગની વાતોને માન આપીશું, તેને મહત્ત્વ આપીશું, તેમનો અનુભવ કરીશું. સત્સંગની વાતોને મહત્ત્વ આપવાથી સાધકને નીચેની ત્રણ વાતોનો અનુભવ અવશ્ય થશે.

(૧) કામ-ક્રોધ જેવા વિકારો અગાઉ જે તીવ્રતાથી આવતા હતા તેટલી તીવ્રતાથી હવે નથી આવતા. (૨) અગાઉ જેટલી વાર ટકતા હતા તેટલી વાર હવે નથી ટકતા. (૩) અગાઉ જેટલી ઝડપથી આવતા હતા, તેટલા જલદી હવે નથી આવતા. – આ વાતોને જોઈને સાધકનો ઉત્સાહ વધવો જોઈએ કે જે વિકાર ઓછા થાય છે, તે નષ્ટ પણ જરૂર થાય છે. વેપારમાં તો લાભ અને નુકસાન બંને થાય છે. પણ સત્સંગમાં માત્ર લાભ જ લાભ થાય છે, નુકસાન થતું જ નથી. જે પ્રમાણે માના ખોળામાં પડેલું બાળક આપોઆપ મોટું થાય છે, મોટા થવા માટે તેને ઉદ્યમ નથી કરવો પડતો. તે જ પ્રમાણે સંત્સંગમાં પડ્યા રહેવાથી માણસનો આપોઆપ વિકાસ થાય છે. જો જિજ્ઞાસા જોરદાર હોય અને થોડો પણ વિકાર અસહ્ય થાય તો તત્કાળ સિદ્ધિ મળે છે.

સત્સંગથી વિવેક જાગ્રત થાય છે. સાધક જેટલા અંશે તે વિવેકને મહત્ત્વ આપે છે, તેટલા અંશે તેના કામ-ક્રોધ વગેરે વિકાર ઓછા થઈ જાય છે. વિવેકને પૂરેપૂરું મહત્ત્વ આપવાથી તે વિવેક જ તત્ત્વજ્ઞાનમાં પલટાઈ જાય છે, પછી બીજી સત્તાનો અભાવ હોવાથી વિકાર રહેવાનો પ્રશ્ન જ પેદા થતો નથી. તાત્પર્ય એ છે કે તત્ત્વજ્ઞાન થવાથી વિકારનો અત્યંત અભાવ થઈ જાય છે.

કોઈ પ્રિયજનનું મરણ થઈ જાય, ધન ચાલ્યું જાય તો માણસને શોક થાય છે. તે જ રીતે ભવિષ્ય અંગે ચિંતા થાય છે કે સ્ત્રી મરી ગઈ તો શું થશે ? દીકરો મરી ગયો તો શું થશે? આ શોક-ચિંતા પણ વિવેકને મહત્ત્વ ન આપવાને કારણે જ થાય છે. સંસારમાં પરિવર્તન થવું, પરિસ્થિતિ બદલાવી જરૂરી છે. જો પરિસ્થિતિ નહીં બદલાય તો સંસાર કેવી રીતે ચાલશે ? માણસ બાળકમાંથી યુવાન કેવી રીતે બનશે? મૂર્ખમાંથી વિદ્વાન કેવી રીતે બનશે? રોગીમાંથી નીરોગી કેવી રીતે બનશે? બીજમાંથી વૃક્ષ કેવી રીતે બનશે? પરિવર્તનના વિના સંસાથ સ્થિર ચિત્ર જેવો બની જશે! વાસ્તવમાં મરવાવાળો (પરિવર્તનશીલ) જ મરે છે. રહેવાવાળો કદી મરતો જ નથી. આ સૌનો પ્રત્યક્ષ અનુભવ છે કે મૃત્યુ થતાં શરીર તો આપણી સામે પડી રહે છે, પણ શરીરનો માલિક (જીવાત્મા) નીકળી જાય છે. જો આ અનુભવને મહત્ત્વ આપીએ તો પછી ચિંતા-શોક થઈ નથી શકતા. વાલિ મરી ગયો ત્યારે ભગવાન રામ આ જ અનુભવ તરફ તારાનું ધ્યાન દોરે છે.

(ક્રમશઃ) વધુ આવતા અંકે...

## મણકો ૫૬ મો : ''દુ:ખોને ત્યજીને જનસેવા કરવી એ જ સાચી માનવતા''

દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ ભાવનાઓના પ્રબળ સમર્થક હતા. તે વાણીની સાથે પોતાના આચરણમાં પણ તે બાબત પ્રગટ કરતા હતા. તેમના જીવનની એક ઘટના છે જે તેમના આજ સ્વરૂપને રજૂ કરે છે.

એક વખત રાજેન્દ્રપ્રસાદ ટ્રેનમાં દરભંગાથી પટના જઈ રહ્યા હતા ત્યારે તેમની ગાડી સોનપુર સ્ટેશને રોકાઈ. ત્યાંથી તેમને પહલેજા ઘાટ જવાનું હતું. જ્યાંથી સ્ટીમરમાં ગંગા નદી પાર કરીને પટના જવાનું હતું. સોનપુર એક મોટું જંકશન છે. ચારે બાજુથી ગાડીઓ આવે છે. રાજેન્દ્ર પ્રસાદની ગાડી જ્યાં રોકાઈ હતી ત્યાં બીજી બાજુ છાપરાથી આવેલી એક ગાડી પણ રોકાઈ હતી. મે મહિનો હતો અને સૂર્ય ધખતો હતો. છાપરાથી આવેલી ગાડી આખી ભરેલી હતી. તેમાંથી જેટલા લોકો ઊતર્યા તેના કરતાં વધારે એમાં ભરાઈ ગયા. ગાડી એક્સપ્રેસ હતી અને પાંચદસ મિનિટમાં જવાની હતી. કેટલીક મહિલાઓ અને બાળકો પાણી માટે બૂમો મારી રહ્યાં હતાં પણ તેમની બૂમો સાંભળવા માટે ત્યાં કોઈ હતું નહીં. રાજેન્દ્ર બાબુથી તેમનું દુ:ખ જોઈ શકાયું નહીં. તે લોટો લઈને નળ તરફ દોડ્યા અને તેમને પાણી પીવડાવવા લાગ્યા. આ દરમિયાન તેમની ગાડી ઉપડી ગઈ. તે દોડીને તેમાં બેસી તો ગયા પણ દમના કારણે તેમની હાલત ખરાબ થઈ ગઈ.

કથાનો સાર એટલો જ છે કે, જરૂરિયાતવાળા લોકોની નિષ્કામ મદદ કરવાનો ભાવ વ્યક્તિની મોટાઈ દર્શાવે છે અને પોતાનાં કષ્ટોને બાજુ પર રાખીને અન્યને મદદ કરવામાં મોટાઈની સાથે મહાનતા પણ છતી થાય છે.

## મણકો ૫૭ મો : ''કરકસર કરીને સમાજનું કલ્યાણ કરી શકાય છે.''

મહાત્મા ગાંધી પાર્ટીના કાર્યો માટે સતત યાત્રા કરતા રહેતા હતા, જે દેશની સ્વતંત્રતાના ઉદેશ સાથે સંકળાયેલી રહેતી હતી. એક વખત ગાંધીજી એવા જ કાર્ય માટે ઈલાહાબાદ આવ્યા અને પંડિત મોતીલાલ નહેરુના નિવાસસ્થાન આનંદભવનમાં રોકાયા હતા. નહેરુ પરિવારે તેને સૌભાગ્ય ગયું અને મહાત્મા ગાંધીની ખૂબ જ આત્મીયતાથી મહેમાનગતિ કરી. ગાંધીજીએ રાત્રે આરામ કર્યો અને સવારે નિત્ય ક્રિયા પતાવીને હાથમો ધોયાં. તે દરમિયાન જવાહરલાલ નહેરુ ગાંધીજી સાથે વાત કરી રહ્યા હતા. કોગળા કરતી વખતે ગાંધીજીનું પાણી પુરું થઈ ગયું. તેનાથી તેઓ થોડા દુ:ખી થઈ ગયા અને વાત ત્યાં જ અટકાવી દીધી.

નહેરુજીએ પૂછ્યું તો બોલ્યા, ''વાતો કરવામાં મારું પાણી પૂરું થઈ ગયું, હવે મારે ફરીથી પાણી લેવું પડશે.'' નહેરુજી હસતાં હસતાં બોલ્યા, ''તેમાં શું થઈ ગયું. અહીંયાં તો ગંગા અને યમુના બંને વહે છે. જેટલું જોઈએ. તેટલું પાણી વાપરવું જોઈએ.''

ગાંધીજી બોલ્યા, ''ગંગા અને યમુના ખાલી મારા માટે નથી વહેતી. કુદરતમાં કોઈ વસ્તુ ગમે તેટલી માત્રામાં મળતી હોય પણ મનુષ્ય તેનો એટલો જ ઉપયોગ કરવો જોઈએ જેટલી તેને જરૂર હોય. કરકસર કરવાથી તે વસ્તુનો એટલો જથ્થો વધશે કે આવનારી પેઢી માટે તે ઉપયોગી સાબિત થશે અને સમાજની વધુ જરૂરિયાતો પૂરી કરી શકાશે.''

સાર એટલો જ છે કે, કરકસર કરીને સમાજનું કલ્યાણ કરી શકાય છે.

**ઉગ્રશ્રવાજીએ કહ્યું** - ઋષિઓ! પરીક્ષિત-નંદન જનમેજય પોતાના ભાઈઓ સાથે કુરુક્ષેત્રમાં એક લાંબા સમયનો યજ્ઞ કરી રહ્યા હતા. તેમને ત્રણ ભાઈઓ હતા - શ્રુતસેન, ઉગ્રસેન અને ભીમસેન તે યજ્ઞ વખતે ત્યાં એક કૂતરો આવ્યો જનમેજયના ભાઈઓએ તેને માર માર્યો અને તે રોતો બરાડા પાડતો પોતાની મા પાસે ગયો. રડતા-બરાડતા કૂતરાને તેની માએ પૂછ્યું, બેટા! તું કેમ રડે છે? તને કોણે માર્યું છે?'' કૂતરાએ કહ્યું, ''મા! મને જનમેજયના ભાઈઓએ માર માર્યો છે. માએ કહ્યું, બેટા? તે તેમનો કંઈ ને કંઈ અપરાધ કર્યો હશે. કુંતાએ કહ્યું, ''મા ? ન તો મેં હવન-સામગ્રી તરફ જોયું છે કે ન કોઈ વસ્તુને મેં સ્પર્શ કર્યો છે. મેં તો કોઈ અપરાધ કર્યો નથી.'' આ સાંભળીને માને બહુ દુઃખ થયું અને તે જનમેજયના યજ્ઞમાં ગઈ. તેણે ક્રોધપૂર્વક કહ્યું - 'મારા પુત્રે હવિષ્યને જોયું સુધ્ધાં નથી, કશું ચાટયું પણ નથી; અને બીજો પણ કોઈ અપરાધ એણે કર્યો નથી, પછી તેને મારવાનું શું કારણ છે?'' જનમેજય અને તેમના ભાઈઓએ આનો કોઈ ઉત્તર ન આપ્યો. કૂતરીએ કહ્યું, ''તમે અપરાધ વિના મારા પુત્રને માર્યો છે, તેથી તમારા ઉપર ઓચિંતો કોઈ મહાન ભય ત્રાટકશે.'' દેવતાઓની કૂતરી સરમાનો આ શાપ સાંભળીને જનમેજય બહુ દુઃખી થયા અને ગભરાઈ પણ ગયા. યજ્ઞ સમાપ્ત થયા પછી તેઓ હસ્તિનાપુર આવ્યા અને આ અનિષ્ટને નિવારી શકે તેવા યોગ્ય પુરોહિતને શોધવા લાગ્યા. એક દિવસે તેઓ શિકાર કરવા ગયા. ફરતાં-ફરતાં તેમને પોતાના રાજ્યમાં જ એક આશ્રમ મળ્યો. તે આશ્રમમાં શ્રુતશ્રવા નામના એક ઋષિ રહેતા હતા. તેમના તપસ્વી પુત્રનું નામ સોમશ્રવા હતું. જનમેજયે તે ઋષિપુત્રને જ પુરોહિત બનાવવાનું નક્કી કર્યું. તેમણે શ્રુતશ્રવા ઋષિને નમસ્કાર કરીને કહ્યું, ''ભગવન્! આપના પુત્ર મારા પુરોહિત થાય એવું હું ઇચ્છું છું.' ઋષિએ કહ્યું, 'મારો પુત્ર અત્યંત તપસ્વી અને સ્વાધ્યાય સંપન્ન છે. એ તમારાં બધાં અનિષ્ટોને શાંત કરી શકે છે. માત્ર મહાદેવજીના શાપને દૂર કરવાનું સામર્થ્ય તેનામાં નથી. પરંતુ તેનું એક ગુપ્ત વ્રત છે. તે એ છે કે જો કોઈ બ્રાહ્મણ તેની પાસેથી કોઈ વસ્તુ માગશે તો તે તેને અવશ્ય આપી દેશે. જો તમે આ પ્રમાણે સંમત થતા હો તો તમે એને લઈ જાઓ.' જનમેજયે ઋષિની આજ્ઞા સ્વીકારી લીધી. તેઓ સોમશ્રવાને લઈને હસ્તિનાપુર આવ્યા અને પોતાના ભાઈઓને કહ્યું - 'મેં આમને આપણા પુરોહિત બનાવ્યા છે. તમે લોકો કશો જ વિચાર કર્યા વિના આમની આજ્ઞાનું પાલન કરજો.' ભાઈઓએ તેમની આજ્ઞા માની લીધી. તેમણે તક્ષશિલા પર ચડાઈ કરી અને તેને જીતી લીધી.

તે દિવસોમાં તે પ્રાંતમાં આયોદધૌમ્ય નામના એક ઋષિ રહેતા હતા. તેમના ત્રણ પ્રધાન (મુખ્ય) શિષ્ય હતા - આરુણિ, ઉપમન્યુ અને વેદ. એમનામાં આરુણિ પાંચાલ દેશનો નિવાસી હતો. તેને તેમણે એક દિવસ ખેતરની પાળ બાંધવા માટે મોકલ્યો. ગુરુની આજ્ઞાથી આરુણિ ખેતર પર ગયો અને પાળ બાંધવાનો પ્રયત્ન કરતાં કરતાં થાકી ગયો તો પણ તે પાળ બાંધી ન શક્યો. જ્યારે તે કંટાળી ગયો ત્યારે તેને એક ઉપાય સૂઝયો. તે પાળ બાંધવાની હતી ત્યાં પોતે સૂઈ ગયો. આનાથી પાણી વહી જતું અટકી ગયું. થોડો સમય પસાર થયા પછી આયોદધૌમ્યે પોતાના શિષ્યોને પૂછ્યું કે, 'આરુણિ ક્યાં ગયો?' શિષ્યોએ કહ્યું, 'આપે જ તો તેને ખેતરની પાળ બાંધવા મોકલ્યો હતો.' આચાર્યે શિષ્યોને કહ્યું કે, ''ચાલો, આપણે પણ તે ગયો. છે ત્યાં જઈએ.'' ત્યાં જઈને આચાર્ય બોલાવવા લાગ્યા, ''આરુણિ! તું ક્યાં છે? આવ બેટા!'' આચાર્યનો અવાજ સાંભળીને આરુણિ ઊભો થઈ ગયો અને તેમની પાસે આવીને બોલ્યો, ''ભગવન્! હું અહીં છું. ખેતરમાંથી પાણી વહી જઈ રહ્યું હતું, જ્યારે હું કોઈ રીતે તેને અટકાવી ન શક્યો ત્યારે હું પોતે જ પાળની જગાએ સૂઈ ગયો. હમણાં

એકદમ આપનો અવાજ સાંભળીને ત્યાંથી ઊઠીને આપની સેવામાં આવ્યો છું. આપના ચરણોમાં હું પ્રણામ કરું છું. આજ્ઞા કરો, હું આપની શી સેવા કરું?'' આચાર્યે કહ્યું ''બેટા! તું ખેતરની પાળીને તોડીને (ઉદલન કરીને) ઊઠયો છે, તેથી તારું નામ 'ઉદાલક' થશે.'' ત્યાર બાદ કૃપાદષ્ટિથી જોતાં રહીને આચાર્યે વધુમાં કહ્યું, ''બેટા! તેં મારી આજ્ઞાનું પાલન કર્યું છે તેથી તારું વિશેષ કલ્યાણ થશે. બધા વેદો અને ધર્મશાસ્ત્રોનો તું જ્ઞાતા બની જઈશ.'' પોતાના આચાર્યનું વરદાન પ્રાપ્ત કરીને તે પોતાના ઈચ્છિત સ્થાને ચાલ્યો ગયો.

આયોદધૌમ્યના બીજા શિષ્યનું નામ હતું ઉપમન્યુ. આચાર્યે તેને એવું કહીને મોકલ્યો કે, ''બેટા! તું ગાયોની રક્ષા કર.'' આચાર્યની આજ્ઞાથી તે ગાયો ચરાવવા લાગ્યો. દિવસે ગાયો ચરાવ્યા પછી સંધ્યાકાળે આચાર્યના આશ્રમ પર આવ્યો અને તેમને નમસ્કાર કર્યા. આચાર્યે કહ્યું, ''બેટા! તું હૃષ્ટપુષ્ટ અને બળવાન દેખાય છે. શું ખાય-પીએ છે?'' તેણે કહ્યું, ''આચાર્ય! હું ભિક્ષા માંગીને ખાઈ-પી લઉં છું.'' આચાર્યે કહ્યું. ''બેટા! મને અર્પણ કર્યા વિના ભિક્ષા ન ખાવી જોઈએ.'' તેણે આચાર્યની વાત માની લીધી. હવે તે ભિક્ષા માંગીને તેમને અર્પણ કરી દેતો અને આચાર્ય બધી ભિક્ષા લઈને રાખી લેતા હતા. તે ફરી દિવસભર ગાયો ચરાવીને સંધ્યા સમયે ગુરુગૃહમાં આવતો અને આચાર્યને વંદન-પ્રણામ કરતો. એક દિવસ આચાર્યે કહ્યું, ''બેટા! હું તારી બધી ભિક્ષા લઈ લઉં છું, તો હવે તું શું ખાય- પીએ છે?'' ઉપમન્યુએ કહ્યું, ''ભગવન્! હું પ્રથમ ભિક્ષા આપને અર્પણ કરીને પછી બીજી ભિક્ષા માંગીને ખાઈ-પી લઉં છું.'' આચાર્યે કહ્યું, ''આ પ્રમાણે કરવું અંતેવાસી (ગુરુ પાસે રહેતા બ્રહ્મચારી) માટે અયોગ્ય છે. તું બીજા ભિક્ષાર્થીઓની જીવિકામાં અડચણ નાખી રહ્યો છે અને આ કૃત્યથી તારો લોભ પણ છતો થાય છે.'' ઉપમન્યુએ આચાર્યની આજ્ઞાનો સ્વીકાર કરી લીધો અને તે પાછો ગાયો ચરાવવા ચાલ્યો ગયો. સંધ્યા સમયે તે ફરીથી ગુરુજીની પાસે આવ્યો અને તેમના ચરણોમાં નમસ્કાર કર્યા. આચાર્યે કહ્યું,''બેટા ઉપમન્યુ! હું તારી બધી ભિક્ષા લઈ લઉં છું. બીજી વાર તું માંગતો નથી, છતાં તું ખૂબ જ તગડો છે; તો હવે તું શું ખાય- પીએ છે?'' ઉપમન્યુએ કહ્યું, ''ભગવન્! હું આ ગાયોનાં દૂધથી મારો નિર્વાહ કરી લઉં છું.'' આચાર્યે કહ્યું, ''બેટા! મારી આજ્ઞા વિના ગાયોનું દૂધ પી લેવું એ યોગ્ય નથી.'' તેણે ગુરુદેવની તે આજ્ઞા પણ સ્વીકારી લીધી અને ફરી ગાયો ચરાવીને સાંજના સમયે તેમની સેવામાં હાજર થઈને પ્રણામ કર્યા. આચાર્યે પૂછ્યું, 'બેટા! તેં મારી આજ્ઞાથી ભિક્ષાની તો વાત જ શી છે ? દૂધ પીવાનું પણ છોડી દીધું છે; તો હવે શું ખાય-પીએ છે?'' ઉપમન્યુએ કહ્યું, ''ભગવન્! આ વાછડાં પોતાની માના આંચળથી દૂધ પીએ છે ત્યારે જે ફીણ કાઢે છે, તે હું પી લઉં છું.'' આચાર્યે કહ્યું, ''રામ-રામ! આ દયાળુ વાછરડાં તારા પર કૃપા કરીને ઘણું બધું ફીણ ઓકી કાઢતાં હશે; આ પ્રમાણે તો તું તે વાછરડાંઓની જીવિકામાં અડચણ નાખી રહ્યો છે! તારે તે પણ ન પીવું જોઈએ. તેણે આચાર્યની આજ્ઞા શિરોધાર્ય કરી લીધી. હવે ખાવા-પીવાના બધા દરવાજા બંધ થઈ જવાના કારણે ભૂખથી વ્યાકુળ થઈને તેણે એક દિવસ આકડાનાં પાન ખાઈ લીધાં. તે ખારાં, તીખાં, કડવાં, રૂખાં અને પચી ગયા પછી તીક્ષ્ણ રસ ઉત્પન્ન કરનારાં પાંદડાં ખાઈને તે પોતાની આંખોની રોશની ગુમાવી બેઠો. આંધળો થઈને જંગલમાં ભટકતો રહ્યો અને એક કૂવામાં પડી ગયો, પરંતુ જ્યારે તે આચાર્યના આશ્રમ પર ન આવ્યો ત્યારે આચાર્યે શિષ્યોને પૂછ્યું - ''મેં ઉપમન્યુ નથી આવ્યો?'' શિષ્યોએ કહ્યું - ''ભગવન્! તે તો ગાયો ચરાવવા ગયો છે.'' આચાર્યે કહ્યું '' મે ઉપમન્યુના ખાવા-પીવાના બધા દરવાજા બંધ કરી દીધા છે તેથી તેને ક્રોધ આવી ગયો હશે, તેથી જ તો અત્યાર સુધી તે આવ્યો નથી. ચાલો, તેને શોધીએ.'' આચાર્ય શિષ્યો સાથે વનમાં ગયા અને મોટેથી બોલાવવા લાગ્યા, ''ઉપમન્યુ! તું ક્યાં છે? આવ વત્સ!''

આચાર્યનો અવાજ સાંભળીને તે જોરથી બોલ્યો, ''હું અહીં કૂવામાં પડી ગયો છું.'' આચાર્યે પૂછયું કે, ''તું કૂવામાં કઈ રીતે પડી ગયો?'' તેણે કહ્યું, ''આંકડાનાં પાંદડાં ખાઈને હું આંધળો થઈ ગયો અને આ કૂવામાં પડી ગયો.'' આચાર્યે કહ્યું,'' તું દેવોના વૈદ્ય અશ્વિનીકુમારની સ્તુતિ કર, તે તારી આંખો સારી કરી દેશે.'' ત્યારે ઉપમન્યુએ વેદમંત્રોથી - અશ્વિનીકુમારની સ્તુતિ કરી.

ઉપમન્યુની સ્તુતિથી પ્રસન્ન થઈને અશ્વિનીકુમાર તેની પાસે આવ્યા અને બોલ્યા, ''તમે આ માલપુઆ ખાઈ લો.' ઉપમન્યુએ કહ્યું, ''દેવવર! તમારી વાત બરાબર છે, પરંતુ આચાર્યશ્રીને અર્પણ કર્યા વિના હું તમારી આજ્ઞાનું પાલન કરી શકું એમ નથી.' અશ્વિનીકુમારોએ કહ્યું, 'પહેલાં તમારા આચાર્ય પણ અમારી સ્તુતિ કરી હતી અને અમે તેમને માલપૂઆ આપ્યા હતા. તેમણે તો પોતાના ગુરુને અર્પણ કર્યા વિના જ તે ખાધા હતા, તો જેવું ઉપાધ્યાયે કર્યું એવું તમે પણ કરો.'' ઉપમન્યુએ કહ્યું - ''હું તમને હાથ જોડીને વિનંતી કરું છું કે ગુરુદેવને અર્પણ કર્યા સિવાય હું માલપૂઆ નહિ ખાઈ શકું.'' અશ્વિનીકુમારોએ કહ્યું, ''અમે તમારી આ ગુરુભક્તિથી તમારા પર પ્રસન્ન છીએ. તમારા દાંત સુવર્ણના થઈ જશે, તમારી આંખો સારી થઈ જશે અને તમારું બધી રીતે કલ્યાણ થશે.'' અશ્વિનીકુમારની આજ્ઞા પ્રમાણે ઉપમન્યુ આચાર્યની પાસે આવ્યો અને બધી હકીકત કહી સંભળાવી. આચાર્યે પ્રસન્ન થઈને કહ્યું, ''અશ્વિનીકુમારોના કથનાનુસાર તારું કલ્યાણ થશે અને બધા વેદ અને બધાં ધર્મશાસ્ત્રો તારી બુદ્ધિમાં આપમેળે જ સ્ફૂરિત થઈ જશે.'' આયોદધૌમ્યનો ત્રીજો શિષ્ય હતો વેદ, આચાર્યે તેને કહ્યું, ''બેટા! તું થોડા દિવસ સુધી મારી પાસે રહે. મારી સેવા-શુશ્રૂષા કર, તારું કલ્યાણ થશે.'' તેણે ઘણા સમય સુધી ત્યાં રહીને ગુરુસેવા કરી. આચાર્ય તેની ઉપર બળદ જેટલો ભાર લાદી દેતા અને તે ઠંડી-ગરમી, ભૂખ- તરસનું દુઃખ સહીને તેમની સેવા કરતો રહ્યો. ક્યારેય ગુરુ આજ્ઞાથી વિપરીત ચાલતો નહિ. ઘણા દિવસે આચાર્ય પ્રસન્ન થયા અને તેમણે કલ્યાણ અને સર્વજ્ઞતાનું વરદાન તેને આપ્યું. બ્રહ્મચર્યાશ્રમ પછી તે ગૃહસ્થાશ્રમમાં આવ્યો. વેદના પણ ત્રણ શિષ્ય હતા, પરંતુ તેઓ તેમને ક્યારેય કશું કામ કે ગુરુસેવાનો આદેશ કરતા. ન હતા. તેઓ ગુરુગૃહનાં દુઃખોને જાણતા હતા અને તેથી શિષ્યોને દુઃખી કરવા ઈચ્છતા ન હતા. એક વાર રાજા જનમેજય અને પૌષ્યે આચાર્ય વેદની પુરોહિત તરીકે વરણી કરી. વેદ ક્યારેક પુરોહિતના કામે બહાર જતા ત્યારે ઘરની દેખરેખ પોતાના શિષ્ય ઉત્તંકને સોંપીને જતા હતા. એક વાર આચાર્ય વેદે બહારથી આવીને પોતાના શિષ્ય ઉત્તકના સદાચાર-પાલનની બહુ પ્રશંસા સાંભળી. તેમણે કહ્યું, 'બેટા! તેં ધર્મનું દઢતાપૂર્વક પાલન કરીને મારી મોટી સેવા કરી છે. હું તારા પર પ્રસન્ન છું. તારી બધી કામનાઓ પૂરી થશે. હવે તું જઈ શકે છે. ''ઉત્તંકે પ્રાર્થના કરી કે'' હે આચાર્ય! હું આપને કઈ પ્રિય વસ્તુ ભેટમાં આપું?'' આચાર્યે પ્રથમ તો ભેટનો અસ્વીકાર કર્યો, પછી કહ્યું કે, ''ભેટ માટે તારી ગોરાણીને પૂછી લે.'' જ્યારે ઉત્તંકે ગોરાણીને પૂછ્યું તો તેમણે કહ્યું, ''તું રાજા પૌષ્યની પાસે જા અને તેમની રાણીનાં કાનનાં કુંડળ માંગી લાવ. હું આજથી ચોથા દિવસે તે કુંડળ પહેરીને બ્રાહ્મણોને ભોજન પીરસવા ઈચ્છું છું. આ પ્રમાણે કરીશ તો જ તારું કલ્યાણ થશે, અન્યથા નહિ.''

ઉત્તંકે ત્યાંથી જતાં જોયું કે એક બહુ જ લાંબો-પહોળો પુરુષ મોટા ભારે બળદ પર બેઠો છે. તેણે ઉત્તંકને સંબોધન કરીને કહ્યું કે, ''તું આ બળદનું છાણ ખાઈ જા.'' ઉત્તંકે ''ના'' કહી દીધી. તે પુરુષ ફરી બોલ્યો, ''ઉત્તંક! તારા આચાર્યે પહેલાં આ ખાધું છે, કશો વિચાર કર્યા વિના ખાઈ જા.'' ઉત્તંકે બળદનું છાણ અને મૂત્ર ખાઈ લીધું અને ઉતાવળને લીધે રોકાયા વિના કોગળો કરતો કરતો ત્યાંથી ચાલવા માંડયો. ઉત્તંકે રાજા પૌષ્ય પાસે જઈને તેમને આશીર્વાદ આપ્યા અને કહ્યું કે, ''હું તમારી પાસે કશુંક માંગવા માટે આવ્યો છું.'' પૌષ્યે ઉત્તંકનો

અભિપ્રાય જાણીને તેને અંતઃપુરમાં રાણી પાસે મોકલી દીધો. પરંતુ ઉત્તંકને રાણીવાસમાં ક્યાંય રાણી જોવા ન મળી. ત્યાંથી પાછા ફરીને તેણે પૌષ્યને ઠપકો આપ્યો કે, ''અંતઃપુરમાં રાણી નથી.'' પૌષ્યે કહ્યું, ''ભગવન્! મારી રાણી પતિવ્રતા છે. તેને ઉચ્છિષ્ટ અથવા અપવિત્ર મનુષ્ય જોઈ શકતો નથી.'' ઉત્તંકે સ્મરણ કરીને કહ્યું કે, ''હા, મેં ચાલતાં ચાલતાં આચમન કર્યું હતું.'' પૌષ્યે કહ્યું, ''બરાબર છે, ચાલતાં ચાલતાં આચમન કરવું નિષિદ્ધ છે, તેથી તમે ઉચ્છિષ્ટ છો.'' હવે ઉત્તંકે પૂર્વાભિમુખે બેસીને, હાથ-પગ- મોઢું ધોઈને શબ્દ, ફીણ અને ઉષ્ણતારહિત અને હૃદય સુધી પહોંચવા યોગ્ય જળથી ત્રણ વાર આચમન કર્યું અને બે વાર મોઢું ધોયું. ત્યાર પછી અંતઃપુરમાં જવાથી રાણી જોવા મળી અને તેણે ઉત્તંકને સુપાત્ર સમજીને પોતાનાં કુંડળ આપી દીધાં. સાથે-સાથે એવું કહીને તેને સાવધાન કરી દીધો કે નાગરાજ તક્ષકને આ કુંડળ જોઈએ છે, ક્યાંક તમારી અસાવધાનીનો લાભ ઉઠાવીને તે લઈ ન જાય!''

રસ્તામાં જતાં ઉત્તંકે જોયું કે તેની પાછળ-પાછળ એક નગ્ન ક્ષપણક (બૌદ્ધ કે જૈન સંન્યાસી) ચાલી રહ્યો છે, ક્યારેક દેખાય છે તો ક્યારેક અદશ્ય થઈ જાય છે. એક વાર ઉત્તંકે કુંડળ મૂકીને જળ પીવાની ચેષ્ટા કરી, એટલામાં તે ક્ષપણક કુંડળ લઈને અદશ્ય થઈ ગયો. નાગરાજ તક્ષક જ તે વેશમાં આવ્યો હતો. ઉત્તંકે ઈન્દ્રના વ્રજની મદદથી નાગલોક સુધી તેનો પીછો કર્યો. છેવટે ભયભીત થઈને તક્ષકે તેને કુંડળ આપી દીધાં. ઉત્તંક સમયસર પોતાની ગોરાણી પાસે પહોંચ્યો અને તેમને કુંડળ આપીને આશીર્વાદ મેળવ્યા. હવે આચાર્યની આજ્ઞા લઈને તે હસ્તિનાપુર આવ્યો. ઉત્તંક તક્ષક પર અત્યંત ક્રોધિત હતો અને તેનો બદલો લેવા ચાહતો હતો. ત્યાં સુધી હસ્તિનાપુરના સમ્રાટ જનમેજય તક્ષશિલા પર વિજય પ્રાપ્ત કરીને પાછા આવી ગયા હતા. ઉત્તંકે કહ્યું, ''રાજન! તક્ષક તમારા પિતાને ડસ્યો છે. તમે તેનો બદલો લેવા માટે યજ્ઞ કરો. કાશ્યપ તમારા પિતાની રક્ષા કરવા માટે આવી રહ્યા હતા પરંતુ તેમને તેણે પાછા મોકલી દીધા. હવે તમે સર્પ-સત્ર કરો અને તેના પ્રજવલિત અગ્નિમાં તે પાપીને બાળીને ભસ્મ કરી દો. તે દુરાત્માએ મારું પણ ઓછું અહિત નથી કર્યું. તમે સર્પસત્ર કરશો તો તમારા પિતાના મૃત્યુનો બદલો વળશે અને મને પણ ખુશી થશે.''

## ગુરુપૂર્ણિમા મહોત્સવ - શ્રી માધવાનંદ આશ્રમ ચાંદોદ

યાત્રાધામ ચાંદોદ નર્મદા મૈયાની ગોદમાં શ્રી માધવાનંદ આશ્રમમાં ગુરુપૂર્ણિમાના પર્વની ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. તા. ૨૧ જુલાઈ રવિવારના રોજ ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે ગુજરાત ભરમાંથી સેવક વૃંદ શ્રી માધવાનંદ આશ્રમે આવી પહોંચ્યા હતા. વિદ્વાન ભૂદેવ ઉર્વેશભાઈ જોશીના મંત્રોચ્ચાર સાથે બ્રહ્મલીન સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજની પાદુકા પૂજન તેમજ ગુરુ વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સ્વામીશ્રી ભૂમાનંદ સાગરજી વેદાંતાચાર્ય દ્વારા ગુરુ મહિમા વર્ણવી આશીર્વચન પાઠવ્યા હતા. ગુરુપૂર્ણિમાના સમગ્ર કાર્યક્રમમાં સ્વામીશ્રી દેવાનંદ સાગરજી મહારાજ, તેમજ શ્રી માધવાનંદ આશ્રમના ટ્રસ્ટીશ્રીઓ પ્રવીણભાઈ પટેલ (વડોદરા), હેમેન્દ્રભાઈ પટેલ (વડોદરા) સહિત એમ. સી. પટેલ વકીલ (કંથારીયા) વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. ગુરુ પૂર્ણિમાના સમગ્ર આયોજનનું સુંદર સંચાલન **પોપટભાઈ કુકડીયા** (ચમારડી) દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઘરમાં 'લક્ષ્મી' ક્યારે આવે ?

કૃષ્ણાબેન જી. સવાણી
(નવાનાવડા)

એક ભાઈ હતા જે બહુ ગરીબ હતા આર્થિક રીતે કાંઈ સદ્ધર નહિ. એકવાર એણે ગુરુની બહુજ સરસ મજાની સેવા કરી અને પેલા ગરીબ માણસને એમ થાય કે ગુરુ મને આજે કાંઈક મંત્ર આપશે. ગુરુ આ મને આજે કંઈક વાત કરશે અને હું તરી જઈશ. હું તરી જઈશ એટલે એક વખત ગુરુજીની સામે એક યાચકની દૃષ્ટિએ જોવે છે. અને ગુરુજીને એમ કહે છે કે હું જાવ? જતી વખતે ગુરુજી એમ કહે છે હું તને જે કહું એ લઈને તું ગામમાં ફર. એમાંથી તને પૈસા મળી જશે. પેલો કહે પણ મારી પાસે વેચવાનું કશું છે જ નહિ. ઘરમાં કંઈક હોવું તો જોઈએ ને કે જે હું લઈને જાવ ને કહું કે મારે આ વેચવું છે. ગુરુ કહે કે ઘરમાં ધૂળ જાળા તો હશેને બાવા તો હશે ને! તો કે હા, ઈ છે. તો કે ઈ વેચજે એટલે એણે પ્રશ્ન ન કર્યો એક શ્રદ્ધા સાથે રાખી કે મારા ગુરુએ જો મને મોકલ્યો હશે તો એની પાછળ કાંઈક આશય હશે. એ વ્યક્તિ નીકળે છે. ઘરમાંથી ધૂળ જાળા કચરો બધુ વીણીને ટોપલામાં લઈને નીકળે છે અને આખા ગામમાં લઈને ફરે છે. બોલે છે કોઈને ધૂળ લેવી છે કોઈને બાવા લેવા છે. કોઈને અળશ લેવી છે. કોઈને કચરો લેવો છે? સવારથી સાંજ સુધી એ માણસ ફર્યા કરે છે ફર્યા કરે છે. અધવચ્ચે સાંજના તેને વિચાર પણ આવી જાય છે કે આ ગુરુજીએ મને સલવાડી દીધો કાંઈ ખોટા કારણ વગરનો મને ખબર જ હતી કે આ વેચાઈ જવાનું નથી. એવામાં એક ભાઈ મળે છે. દુકાનદાર છે અને પૂછે છે વેચાણુ કાંઈ? તે કે ના ના ભાઈ કાંઈ વેચાણું નથી. સવારનો આટાં મારુ છું. પેલા ભાઈ કહે કે મારે નિયમ છે આખા દિવસમાં આ ગામમાં કોઈ ફેરિયો આવે અને જો એને એક પણ પ્રકારની કમાણી ન થાય તો એ વસ્તુ મારે લઈ લેવાની અને એ કે એટલા પૈસા આપી દેવાના તો પેલા ભાઈ કહે કે મારી પાસે તો આ ધૂળ જાળા ને કચરો છે. તો એ લેનાર વ્યક્તિ કહે છે કે તને વિચાર ન આવ્યો આ વેચતા વખતે પણ પેલો કહે કે મારા ગુરુએ મને કીધું તું એના ઉપર આટલી આસ્થા હતી કે ગુરુના શબ્દ છે. તો ધૂળ ય વેચાય જશે. એટલે પેલો ભાઈ કે જેને નિયમ છે કે આખા દિવસમાં ગામમાંથી કોઈ માણસ ફરે અને એકપણ વસ્તુ વેચાય નહિ તો મારી જવાબદારી માનવતાની રૂએથી એ માણસ નિરાશ થઈને મારા ગામમાંથી ન જાય એવા એક આશય સાથે ૫૦૦ રૂપિયામાં એ ભાઈ ધૂળ જાળા ખરી દે છે. પેલો ભાઈ ગુરુનો આભાર માને છે અને જેવો ટોપલો લઈને ઘરમાં જાય છે એટલે બેન કકળાટ કરે છે. તમે તો પહેલેથી મુરખા તમને તો કોઈ છેતરી ગયા. ઈ ભાઈ કહે કે મને નહિ ખબર હોય કે હું કે'દી છેતરાણો તો, તારીખ ય લગનની યાદ છે તેદી થઈ જ છેતરાવાનું શરૂ થયું છે. તને ખબર હવે પછી કે હું છેતરાય ગયો. ખૂબ કકળાટ કર્યો કે તમને તો કાંઈ ખબર જ નથી પડતી. પૈસા કાંઈ મફતમાં આવે? અમે માંગીએ તો કકળાટ કરી મૂકે ને અહીં યા ગમે એવા આવે એને ધૂળ જાળા ના ય દઈ દો છો. ૫૦૦ - ૫૦૦ રૂપિયા એમ મા-દિકરો ખૂબ બાધે અને ભારે ખૂબ મોટા પાયે કંકાસ થઈ જાય અને મા-દિકરો આખરે નક્કી કરે કે કાં ઘરમાં તમે રહો કાં ઘરમાં હું રહું, તો ભાઈ કે આ તો મારું ઘર છે. મા-દિકરો નીકળી જાય છે. થોડીકવાર થઈ અંધારું થાય છે. એ ઘરમાંથી

લક્ષ્મીજી બહાર નીકળી જાય છે. પેલો ભાઈ પૂછે છે કે તમે કોણ છો? તો કે'કે હું લક્ષ્મી છું. જે ઘરમાં આળસ હોય, કચરો હોય, ઉકરડો હોય, ધૂળ જાળા હોય એ ઘરમાં હું ન રહું અને અત્યારે તો તમારા ઘરની લક્ષ્મી જતી રહે છે. એટલે હું ઘરમાંથી જાવ છું. તો પેલો ભાઈ કહે કે બસ જાવું છે! સાથ છોડી દેવો છે ! ઈ કે તો કચરા બહાર ફેકી આવો અને પેલા ભાઈને પાછો દઈ આવો તો કદાચ ટકી જાવ. તો કહે કે ઈ તો નહીં બને તમતારે તમે જાવ લક્ષ્મીજી જાય છે. થોડીકવાર પછી બે સ્ત્રીઓ બીજી નીકળે છે બાર ઘરમાંથી એટલે પેલા ભાઈ પાછા પૂછે તમે કોણા છો ? તો કહે કે અમે રિદ્ધિ સિદ્ધિ છીએ. જે ઘરમાં કચરો હોય, અળસ હોય અને જ્યાં લક્ષ્મીનો વાસ ન હોય ત્યાં અમે ટકીએ નહી. રહીએ નહીં. અમારે નથી રહેવું તમારી હારે. એટલે પેલા ભાઈ તમારેય જાવું છે? તો કહે કે હા, અમારે ય જાવું છે. લક્ષ્મીજી ય જાય છે ને રિદ્ધિ સિદ્ધિ ય જાય છે. થોડીક વાર પછી બે પુરુષો બહાર નીકળે છે. એટલે પેલા ભાઈ ફરીથી પૂછે છે કે તમે કોણ ? તો કહે કે અમે યશ અને કીર્તિ છીએ જે ઘરમાં આળસ હોય ગામનો કચરો હોય જ્યાં સંસ્કાર ન હોય, જ્યાં લક્ષ્મી ન હોય જે ઘરમાં રિદ્ધિ સિદ્ધિ ન હોય ત્યાં યશ અને કીર્તિ પણ ન હોય એટલે અમે ય તમારી પાછળ જઈએ છીએ તો કહે કે વયા જ જાવ જેને જાવું હોય એને જાવ. બધા વયા જાય છે. એક માણસને મદદ કરવાથી જો આટલા બધા વયા જાતા હોય તો મારે કાંઈ વાંધો નથી. થોડીક વાર પછી એક વૃદ્ધ ત્યાંથી નીકળે છે એટલે પેલા ભાઈ કહે છે કે હવે મારે પૂછવું ય નથી કે તમે કોણ છો તમે જાતા હોય એ જાવ સવારથી બધા જાવામાં જ છે. લક્ષ્મીજી ગયા, રિદ્ધિ સિદ્ધિ ગયા, યશ-કિર્તી ગ્યા તમે જે હોય એ જાવ, તો પેલા ભાઈ એમ કહે છે કે હું જાવા માટે નહિ પણ હું તો પલાઠી વાળીને બેસવા આવ્યો છું. તો કહે કે તમે છો કોણ? તો કહે કે હું ધર્મ છું. તો કહે કે તમારે પલાઠી વાળીને બેસવાની શું જરૂર પડી? એ (ધર્મ) કહે કે હું તારી પેઢીમાં એક પગે ઊભો હતો. મને એમ થયું કે તારી પેઢીનો કોઈ એકાદ વ્યક્તિ ભૂલ કરે તો હું જાવ, એકાદ વ્યક્તિ ભૂલ કરે અને હું જાવ. કારણ કે ધર્મ તો બહુ ટકે નહિ ને. પણ મેં જોયું કે કોઈના જીવન ખાતર કોકના ગુરુની આજ્ઞા પાલન કરવા માટે કોઈકની આંતરડી ઠારવવા માટે જે માણ યશ-કીર્તિ, લક્ષ્મી-ધનને બધાને જતું કરી શકતો હોય ત્યાં તો ધર્મને પલાઠી વાળીને બેસવું પડે બેસવું પડે ને બેસવું પડે. પાદરમાં ઓલ્યા પાંચ જણા ઊભા હોય છે, રાહ જોવે છે.

લક્ષ્મીજી, યશ, કીર્તિ, રિદ્ધિ-સિદ્ધિ કે હમણાં ધર્મ આવે એટલે આપણે જઈએ. સ્વર્ગમાં હમણાં ધર્મ આવે ને જઈએ સ્વર્ગમાં. એ પાંચેય જણા પેલાના ઘરમાં પાછા આવીને ધર્મને કહે છે કે ચાલોને હવે અહીંથી નીકળી જઈએ. અહીં તો અળશ છે. તો કહે કે અહીં અળસ નહીં પણ અહીં સંસ્કાર છે. હું તો અહીં હવે ત્રણ પેઢી સુધી બેસવાનો છું. ત્યારે લક્ષ્મીજીએ કીધું કે જ્યાં ધર્મ હોય ત્યાં તો મારે રહેવું પડે. યશ-કીર્તિ કહે કે તમે હોય તો અમારે ય જાવું પડે. સાહેબ, જ્યાં ધર્મ પલાઠી વાળીને બેસેને ત્યાં પેઢીઓ તરે,. ■

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ ચોગઠ, તા. ઉમરાળા, સ્વ. કરસનભાઈ હરખાભાઈ મોણપરા (ઉ.૯૩) સંવત ૨૦૮૦ અષાઢ સુદ-૨ ને રવિવાર તા.૭-૭-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.**

**શ્રી સદ્ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

લતા એ. મુંગુકિયા
(દડવા)

જ્ઞાનદાતા વાસુદેવ યોગીન્દ્ર સદ્‌ગુરૂને પ્રણામ કરી મુમુક્ષુઓના કલ્યાણ અર્થે તત્વબોધ લખવામાં આવે છે. સૌના હૃદયમાં રહેવાવાળા દેવ વાસુદેવ છે. સર્વ નિયંતા પરમાત્મા જ ગુરુ છે. તેઓ અધિકારી શિષ્યોને જ્ઞાન આપે છે. જ્ઞાન પ્રદાતા બ્રહ્મસ્વરૂપ ગોવિંદ ભગવત્પાદ રૂપે પ્રગટ યોગીન્દ્ર આદ્યશ્રી શંકરાચાર્ય વિરચિત તત્વબોધ અત્યંત સરળ અને સ્પષ્ટ પ્રક્રિયા ગ્રંથો છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામક ચતુર્થ પુરૂષાર્થમાં મોક્ષ પરમ ને નિત્ય છે. બાકીના ત્રણેય પુરુષાર્થ અનિત્ય છે. દુઃખોની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ જ મોક્ષ કહેવાય છે. મુમુક્ષુ એટલે કે મોક્ષની ઈચ્છાવાળા એ તત્ત્વને જાણવુ એ સર્વ વ્યાપક છે.

જેણે સાધન ચતુષ્ટ સંપન્ન કર્યા છે એવા અધિકારીઓ માટે મોક્ષના સાધનરૂપ વિવેક વૈરાગ્ય શમ દમાદિ સંપતિ અને મુમુક્ષતા એ ચાર સાધનો જેમણે મેળવ્યા છે તે સાધન ચતુષ્ટ સંપન્ન મુમુક્ષ છે તેઓ તત્વના જ્ઞાનના અધિકારી છે. મોક્ષ જ્ઞાનનુ પ્રયોજન છે. મોક્ષનું સાધન એક માત્ર તત્ત્વબોધ છે. એ ચાર સાધન નિત્યાનિત્ય વસ્તુ વિવેક. આ લોકને પરલોકના તમામ પદાર્થો ફલ ભોગ પ્રત્યે વૈરાગ્ય શમદમાદી ષટ સંપતિ અને મુમુક્ષતા વેદાન્તના અધિકારી પાસે આ ચાર સાધનો હોવા જરૂરી છે. નિત્ય કેવલ બ્રહ્મ જ છે. એનાથી ભિન્ન સમસ્ત વિશ્વ અનિત્ય છે. જેની ઉત્પતી નથી ને જેનો નાશ પણ નથી તે પરમાત્મા નિત્ય કહેવાય છે. બ્રહ્મથી ભિન્ન માયાના કાર્યરૂપ જે ગણાય છે. તે ભૂત અને ભૌતિક બ્રહ્માંડ સર્વ ઉત્પતિ અને વિનાશશીલ છે. માટે તે નિત્યત્વસર્વથા નથીજ આમ બ્રહ્મ નિત્ય છે. માયા અને એના કાર્યરૂપ ભૂત ભૌતિક પ્રપંચ ઔપાધિક જીવ ઈશ્વર ભાવ બધુ અનિત્ય છે. આ જ્ઞાનથી નિત્યાનિત્ય વસ્તુ વિવેક કહેવાય છે.

વૈરાગ્ય એટલે શું? આ લોક પરલોકના બધા ભોગોમાં હોય દર્શન એ છે. વૈરાગ્યનો હેતુ ભોગો પ્રત્યે ત્યાગની ઈચ્છા એ છે. વૈરાગ્યનું સ્વરૂપ એ ભોગો માટેની લોલુપતા સર્વથા મટી જાય એ છે. વૈરાગ્યની પરમ સીમા શાસ્ત્રમાં કહ્યું છે. પરમાત્માથી ભિન્ન તમામ પદાર્થો નાશવંત છે. ભોગોથી પ્રાપ્ત થતુ સુખ વિષમય નિશ્ચીત અન્યની જેમ ત્યાજ્ય છે. કેમકે વિષયોથી પ્રાપ્ત થતું સુખ અંતે તે દુઃખ રૂપ જ છે. સ્વર્ગાદિ લોકો દિવ્ય સુખો ચિરકાલ ભોગવ્યા બાદ કર્મ પ્રમાણે નીચ યોનિમાં જન્મ લેવો પડે છે. જે ગીતામાં કહ્યું છે. આધ્યાય-૯, શ્લોક-૨૧ માં. **તે તં ભુક્ત્વા સ્વર્ગ લોકં વિશાલં, ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ**

તેઓ એ વિશાળ સ્વર્ગ લોકને ભોગવીને પુણ્ય ક્ષીણ થતા મૃત્યુલોકમાં પાછા આવે છે. ભોગોને ઈચ્છતા માણસ વારંવાર ગમન આવાગમનને પામે છે. આ લોકને પરલોકના તમામ ભોગોમાં નશ્વરતા અને દુઃખરૂપનું ચિંતન કરવાથી વૈરાગ્ય થાય છે. વૈરાગ્ય એટલે સંસાર પ્રત્યે આસક્તિનો અભાવ. આસક્તિ છુટે કે તરત જ સાધકની દશા અને દિશા બંને બદલાય છે. વૈરાગ્ય વિના બ્રહ્મ વિચાર નિર્થક છે. માટે બ્રહ્મ જીજ્ઞાસુમાં વૈરાગ્ય અતિ આવશ્યક છે. શમદમાદી ષટ સંપતિ કોને કહેવાય શમદમાદી, ઉપરતી, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન. (૧) શમ એટલે અંતરઈન્દ્રિયનો નિગ્રહ. (૨) દમ એટલે ચક્ષુ વગેરે બાહ્ય ઈન્દ્રિયોનો નિગ્રહ. (૩) ઉપરતિ - એટલે પોતાના ધર્મનું અનુષ્ઠાન વર્ણ - ને આશ્રમ પ્રમાણે પોતાના કર્તવ્ય કર્મનું પાલન. (૪) તિતિક્ષા - શીત ઉષ્ણ સુખ-દુઃખ વગેરે દ્વન્દ્વનોને સહન કરવા. (૫) શ્રદ્ધા - કોને કહેવાય ગુરૂ ને વેદાન્તના વાક્યોમાં વિશ્વાસ (૬) સમાધાન-ચિત્તની એકાગ્રતાનું નામ સમાધાન. સાધક વિષયોનો સર્વથા પરિત્યાગ કરી શકતો નથી. મનનો નિગ્રહનો સામાન્ય અર્થ વિષયો તરફ મન ન જવા દેવું આનું નામ શમ છે. મનોનિગ્રહ એટલે અનેક જન્મોનાં ભોગવેલા ભોગોની

વાસનાથી નવા ભોગો માટે જે લાલસા ઉત્પન્ન થાય છે. તેથી મન સાંસારિક વિષયોમાં સ્વેચ્છાએ દોડે છે. તે મનને રોકવુ મનની એ દોડ આત્મ સાધનને અવરોધે છે. શબ્દાદિ વિષયોનું મન ચિંતન કરે છે. તે ચિંતનમાંથી હટાવીને પરમાત્મામાં જોડવું તે મનનો નિગ્રહ સર્વ દુઃખના મૂળરૂપી મનનું વશીકરણ શ્રવણ નેત્ર વગેરે બાહ્યઈન્દ્રિઓને તત્પરતાપૂર્વક અનુકૂલ વિષયમાં જોડવી તે બાહ્ય ઈન્દ્રીયોનું વશીકરણ દમ કહેવાય છે. નિષદ અને પરધર્મ નો પરિત્યાગ કરી પ્રિતિપૂર્વક સ્વધર્માનુષ્ઠાનનું નામ ઉપરતિ સ્વધર્માનુષ્ઠાન આચાર્યશ્રી ગુરુદેવ આત્મ કલ્યાણ માટે જે આદેશ આપ્યો હોય તેને સાધનરૂપ ધર્મ માની વ્રત-નિયમોનું તત્પરતાપૂર્વક પાલન કરવું આચરણમાં મૂકવું એથી વિરુદ્ધ આચરણનો ત્યાગ કરવો. શિતોષ્ણ સુખ-દુઃખાદિ તમામ ઈન્દ્રિયોના ઉત્પન્ન ક્ષીણરૂપ છે. પ્રારબ્ધ પ્રમાણે પરિસ્થિતિ પલટાતી રહે સુખ-દુઃખ પ્રારબ્ધનો પુરસ્કાર સમજી સહન કરવા જોઈએ. કોઈ કોઈ ઉદેશ ન થાય આમ પ્રેમ કે તિરસ્કાર રહિત સહિષ્ણુતાપણુ એ છે તિતિક્ષા. બ્રહ્મવિદ્યાના ઉપદેશક આચાર્ય ગુરૂ વેદાન્ત શાસ્ત્ર અને પરમેશ્વર પ્રતિ આદર ભાવપૂર્વક વિશ્વાસ એ છે. શ્રદ્ધા સાધકે શિષ્યને ગુરુ વેદાન્તીને પરમેશ્વર પ્રત્યે અતુટ વિશ્વાસ આદર ભાવ હોવો જોઈએ. પોતાના લક્ષ પરમાત્માની પ્રાપ્તિ માટે જે સાધન કે સાધના હાથ ધરેલ છે. તેમાં ચિતની એકાગ્રતાનું નામ સમાધાન છે. ગુરુ એ આપેલા ઉપદેશનું ફરી ફરીને મનન અને તે પ્રમાણેનું આચરણ એ છે. સમાધાન આ છે સાધનો શમાદિષટ સંપતિ કહેવાય છે.


## અખતરા

નીતીન નટવરભાઈ પટેલ (ઓઝરાળા)

■ જે લોકો નૃત્ય-નાટકો ભજવે છે અથવા અંગમરોડની પ્રક્રિયા કરે છે. તેમને પેટના રોગો ઓછા થાય છે. કારણ કે તેમના શરીરના દરેક અંગોને આ દરમ્યાન ખૂબ જ કસરત મળે છે. ■ જ્યારે તમે એકદમ થાક અનુભવો છો ત્યારે તમારી કોઈ પણ મનગમતી પ્રવૃત્તિ કરો, તમે હળવાશ નો અનુભવ થશે. ■ તમે જ્યારે હસશો ત્યારે તમારી આસપાસના લોકો પણ તમને હસવામાં સાથ આપશે. પરંતુ જ્યારે રડશો ત્યારે બધાના મોઢાં તમારા મોઢા સમક્ષ પ્રશ્નાર્થ રીતે જોઈ રહેશે. કોઈ તમને રડવામાં સાથ નહિ આપે. ■ જ્યારે તમે કાર-સ્કુટર ચલાવો ત્યારે ફક્ત થોડા ઘણા અંશે હાથ-પગને કસરત મળશે, જ્યારે તમે સાયકલ ચલાવશો ત્યારે ત્યારે હાથ-પગની સાથે પાચનતંત્રના દરેક અવયવને કસરત મળશે પરંતુ જ્યારે તમે ચાલો છો ત્યારે શરીરના દરેક અવયવને કસરત મળે છે. ■ સંબંધની સામે સંબંધ અને પૈસાની સાથે પૈસો સારો લાગે. જો સંબંધનો પૈસો આવી જાય તો લાગણી દુભાય અને પૈસામાં સંબંધ આવે તો ખોટ સહન કરવાની તૈયારી રાખવી પડે. ■ શાણા માણસો જેટલું શેરબજારમાં રોકાણ કરીને ગુમાવે છે તેટલું જ મૂર્ખાઓ શેરબજારમાં બેઠા બેઠા મેળવી લે છે બરાબરને! ■ અત્યારના બાળકો પોલિસ કરતાં બાપાઓનો-સાધુઓનો ડર વધુ લાગે છે. કારણ કે મા-બાપ પહેલેથી જ શિખવાડે છે. જો કંઈપણ આડું અવડું કરીશ તો બાવો ઉપાડીને લઈ જશે. (પોલીસ તો બહુ મોડી આવે છે. પીક્ચરની જેમ) ■ જો અત્યારે ગાંધીજી જીવતા હોય તો દરેક બેંક એમને વગર વ્યાજે લોન આપત. કારણ કે ગાંધીજીને આઈડેન્ટીટીની જરૂર જ ન પડત. (દરેક નોટ પર તેમનો ફોટો છે.) (શું તમારે આવી કોઈ નોટ બનાવવી નથી.) ■ અત્યારના સમયમાં રામલીલા (કળિયુગની) બહુ થાય છે. પરંતુ કોઈ રામ બનવા તૈયાર નથી. કાંતો રામ બનવામાં કોઈને રસ નથી અથવા તો રાવણ વધુને વધુ પેદા થતા જાય છે. માટે લંકાઓનો વિસ્તાર વધતો જાય છે. (હજી બારમો કલ્કી અવતાર બાકી છે, તમારી ઈચ્છા છે.) ■ તમાકુના પાનમાંથી પાણી કાઢી જો સાપને ફક્ત ત્રણ કે ચાર ટીપા પીવડાવવામાં આવે તો તે મરી જશે. પરંતુ માણસના કેસમાં આવું કેમ થતુ નથી. તેની ખબર પડતી નથી. કોઈને ખબર પડે તો મને સમજાવજો. ■ ''સફરમેં ધૂપ તો હોગી, જો ચલ સકો તો ચલો, સભી હૈ ઈસ ભીડ મેં, તુમ ભી નિકલ શકો તો નિકલો.''

# સત્સંગ સમાચાર

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો વિદેશયાત્રાનો કાર્યક્રમ



- ૨૮-૦૭-૨૦૨૪ શિકાગો પધારશે.
- ૦૨-૦૮-૨૦૨૪ હુસ્ટન પધારશે.
- ૦૭-૦૮-૨૦૨૪ ડલાસ પધારશે.
- ૧૧-૦૮-૨૦૨૪ એટલાન્ટા પધારશે.
- ૧૪-૦૮-૨૦૨૪ સવાના પધારશે.
- ૧૮-૦૮-૨૦૨૪ મીયામી પધારશે.
- ૨૧-૦૮-૨૦૨૪ ટેમ્પા પધારશે.
- ૨૩-૦૮-૨૦૨૪ સવાના થઈ સાઉથ કોરોલીના પધારશે.
- ૨૫-૦૮-૨૦૨૪ નોર્થ કોરોલીના - રાલી પધારશે.
- ૨૯-૦૮-૨૦૨૪ વર્જીનીયા પધારશે.
- પ.પૂ. સ્વામીજી મહારાજશ્રી નો અમેરિકાનો ફોન નંબર : **001 908-398-4899** અને પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીનો ઈન્ડિયાનો ચાલુ નંબર છે તેના પર વોટ્સએપ થી વાત થશે. : **98 79 72 57 57**
- અમેરિકાવાસીઓ એ પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીના કાર્યક્રમમાં સંજોગોવસાત ફેરફાર થાય તો તેમનો સંપર્ક કરી દર્શન કરવા જવું.
- **ખાસ નોંધ : ભારતના જે સેવકભાઈઓએ સ્વામીજી મહારાજશ્રીનો સંપર્ક સાધવા માંગતા હોય તો તેમણે અમેરિકાનો સમય જાણી ને ફોન કરવો.**

## ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૨૪ - ન્યુજર્સી (U.S.A.) તા.૨૧-૭-૨૦૨૪ ને રવિવારે ઉજવાયો હતો.

પરમાત્માની પરમ કૃપાથી ન્યુજર્સી અમેરિકામાં ગુરૂપૂર્ણિમા મહોત્સવ તા.૨૧-૭-૨૦૨૪ ને રવિવારના પવિત્ર દિવસે પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્ય શ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાયો. ગુરૂ પૂજનનો લાભ ઘણા જન્મના પુણ્ય ભેગા થાય ત્યારે પ્રાપ્ત થાય છે. આ જગતમાં ૩૩ કરોડ દેવતા છે. દરેકની પૂજા કરવાનો સમય મળતો નથી. પણ જો શ્રી સદ્‌ગુરૂ પરમાત્માનું એક પૂજન થઈ જાય તો દરેક દેવતાનું પૂજન થઈ જાય છે. **ગુરૂ પદ પંકજ પૂજતા ચૌદ લોક પૂજાય. શિવ વિરંચીને શારદા ગુરૂતણા યશ ગાય.** સદ્‌ગુરૂ મહારાજ શિવ સમાન શાંત છે. જો એક વખત આપણી ઉપર નજર પડે તો આપણું કલ્યાણ થતા વાર નથી લાગતી. તો સાચી શ્રદ્ધાથી દર્શન કરવા જવુ જોઈએ. શ્રી સદ્‌ગુરૂ પરમાત્માને દેહ દૃષ્ટિથી દર્શન ન કરવા. **સદ્‌ગુરૂ છે પૂરણ બ્રહ્મ કે મૂર્તિ બ્રહ્મની જી રે -** જેવો ભાવ હશે તેવું ફળ મળે છે. વેપારીને માલના પૈસા નથી થતા જ્યારે ભાવ વધારે આવે ત્યારે વેપારી માલામાલ થઈ જાય છે. પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનું શરીર કામ નથી આપતું છતાં અમેરિકા તથા લંડનના સેવક સમુદાયની લાગણીને વશ થઈ વિદેશ પધાર્યા છે. જુદા જુદા રાજ્યોમાં સનાતન ધર્મનો પ્રચાર કરી રહ્યા છે. સત - અસત - જડ - ચેતન - સુખ-દુઃખનો વિવેક કરાવીને જ્ઞાન પ્રદાન કરી રહ્યા છે. સદ્‌ગુરુજીના વચન ઉપર વિશ્વાસ હોય તેને જ્ઞાન થતા વાર લાગતી નથી. સદ્‌ગુરુ છે **ચૈતન્ય બ્રહ્મ જીવન ધન્ય જાણીએ જીરે તેમાં આણીશમાં દેહ ભાવ કે મોટો મર્મ છે જી રે** સદ્‌ગુરૂ દેહ રૂપે આપણી સાથે ભલે ન રહે પણ આત્મા રૂપે બધાની સાથે જ રહે છે.

# ગુરુપૂર્ણિમા મહોત્સવ - ન્યુજર્સી, અમેરિકા



સૌજન્ય

## અખંડ આનંદ ક્રિએશન

શ્રી ગોરધનભાઈ હરજીભાઈ ગાબાણી
શ્રી બિપીનભાઈ ગોરધનભાઈ ગાબાણી
શ્રી ભરતભાઈ ગોરધનભાઈ ગાબાણી
શ્રી વિપુલભાઈ ગોરધનભાઈ ગાબાણી

ગામ : પીપળીયા (હાલ : સુરત)

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2025
POSTRAL REGI. NO. SRT-771/2023-25
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

Printed Book




ગુરૂપૂર્ણિમા મહોત્સવ - ચાણોદ

**BOOK POST**

**If Not Delivered Please Return To :-**

પૃષ્ઠ ૨૦ + ૪ = ૨૪

**: મુખ્ય કાર્યાલય :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**"વેદ રહસ્ય કાર્યાલય"**
**શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,**
**કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.**
**ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦**

Published by Swami Shri Jagdishanand Sagarji Maharaj on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1 Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published.from Sachchidanand.Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Laxmanbhai Jerambhai Sonani.

Price per Copy Rs. 50/-